dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 56 | AD - 2024, Kartak Vad - 13 | Friday, Dt.29-11-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

ડેસ્ટિનેશન વેડીંગ કરો ગુજરાત ના સૌથી મોટા રિસોર્ટ માં સાસણ ગીર
૭૭ વીઘાં નો રીસોર્ટ
GreenWoods
• ૧૦૦ રૂમ
• રેન ડાન્સ એરિયા
• વેડિંગ હોલ
• પૂલ સાઈડ વેડિંગ
• પાર્ટી પ્લોટ
• રિસોર્ટ ની બધી એમિનીટીઝ
માત્ર રૂ. 4,99,000 માં
300 મેમ્બર્સ માટે
Vishal Lords Inn
Call:+91 9898 1212 17, +91 97371 43311
Vishal Lords Inn Gir Forest, Near Madhubanti Dam, Malanka Gir

# અદાણી મુદ્દે લોકસભામાં હોબાળો : બંને ગૃહોની કાર્યવાહી સ્થગિત

ન્યુ દિલ્હી,તા.૨૮

લોકસભામાં કાર્યવાહી શરૂ થતાં જ અદાણી મુદ્દે હોબાળો થયો હતો. વિપક્ષના નેતાઓએ સૂત્રોચ્ચાર કર્યા - દેશને લૂંટવાનું બંધ કરો. રાજ્યસભામાં પણ અદાણીનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. હોબાળો જોઈને અધ્યક્ષ જગદીપ ધનખડે કહ્યું- સંસદીય વિવાદ લોકશાહીને નબળી પાડે છે. આ પછી, બંને ગૃહોની કાર્યવાહી આખા દિવસ માટે સ્થગિત કરવામાં આવી હતી. ગુરુવારે સંસદના શિયાળુ સત્રના ત્રીજા દિવસે પ્રિયંકા ગાંધી પહેલીવાર લોકસભા પહોંચ્યા હતા. તેમણે સાંસદ પદના શપથ લીધા હતા. આ દરમિયાન તેમના હાથમાં બંધારણની કોપી રાખી હતી. તેમની સાથે માતા સોનિયા અને રાહુલ ગાંધી પણ સંસદ પહોંચ્યા હતા. પ્રિયંકા વાયનાડ બેઠક પરથી પેટાચૂંટણી જીત્યા છે. પ્રિયંકાની સાથે નાંદેડથી પેટાચૂંટણી જીતનાર રવિન્દ્ર ચવ્હાણે પણ શપથ લીધા હતા. રાહુલ




ગાંધીએ સંસદની બહાર કહ્યું હતું કે અદાણી પર અમેરિકામાં ૨ હજાર કરોડ રૂપિયાની લાંચ આપવાનો આરોપ છે. તેમને જેલમાં ધકેલવા જોઈએ. પણ મોદી સરકાર તેમને બચાવી રહી છે. કેરળની વાયનાડ લોકસભા પેટાચૂંટણીમાં પ્રિયંકા ગાંધીની જીત બાદ, કોંગ્રેસ પાસે ફરી એકવાર લોકસભામાં ૯૯ સાંસદો છે. વાયનાડ બેઠક રાહુલ ગાંધીએ ખાલી કરી હતી, જ્યારે નાંદેડ બેઠક કોંગ્રેસના સાંસદ બસંતરાવ ચૌહાણના નિધનને કારણે ખાલી પડી હતી. હાલમાં જ પેટાચૂંટણી યોજાઈ હતી અને બંને બેઠકો કોંગ્રેસની પાસે પાછી આવી છે. આ પહેલીવાર બનશે જ્યારે કોંગ્રેસ પાર્ટી સાથે જોડાયેલા ગાંધી પરિવારના ત્રણ સભ્યો એકસાથે સંસદના સભ્ય હશે. રાહુલ ગાંધી રાયબરેલીથી લોકસભાના સાંસદ છે અને પ્રિયંકા ગાંધી વાડ્રા વાયનાડથી છે. જ્યારે સોનિયા ગાંધી રાજસ્થાનથી રાજ્યસભાના સાંસદ છે. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે સોશિયલ મીડિયા પર અભદ્ર કન્ટેન્ટને રોકવા માટે કડક કાયદો બનાવવાની વાત કરી હતી. વૈષ્ણવે કહ્યું- જે દેશોમાંથી આવી સામગ્રી આવે છે તે દેશોની સંસ્કૃતિ આપણા કરતા તદ્દન અલગ છે. સંસદીય સ્થાયી સમિતિએ આ વિષય પર ધ્યાન આપવાની અને અભદ્ર સામગ્રીને રોકવા માટે કાયદો કડક બનાવવાની જરૂર છે. તેમણે કહ્યું હતું કે સોશિયલ મીડિયાના જમાનામાં એડિટોરિયલ ચેકિંગ ખતમ થઈ ગયું છે. અગાઉ પ્રેસમાંથી જે પણ છાપવામાં આવતું હતું તે સાચું છે કે ખોટું તે તપાસવામાં આવતું હતું અને પછી તેને મીડિયા સમક્ષ લાવવામાં આવતું હતું. તેમણે કહ્યું કે એડિટોરિયલ ચેકિંગ ખતમ થવાને કારણે, આજે સોશિયલ મીડિયા એક તરફ પ્રેસની સ્વતંત્રતાનું એક વિશાળ માધ્યમ બની ગયું છે, પરંતુ બીજી તરફ તે એક અનિયંત્રિત અભિવ્યક્તિ છે જેમાં અનેક પ્રકારની અભદ્ર સામગ્રી પોસ્ટ કરવામાં આવે છે. આ માટે હાલના કાયદાને વધુ કડક બનાવવાની જરૂર છે. આ માટે પણ સર્વસંમતિની જરૂર છે. સંસદના શિયાળુ સત્ર દરમિયાન કુલ ૧૬ બિલ રજૂ કરવામાં આવનાર છે. તેમાંથી ૧૧ બિલ ચર્ચા માટે મૂકવામાં આવશે. જ્યારે ૫ કાયદા બનવા માટે મંજૂરી માટે મૂકવામાં આવશે.

ગ્રાહકોને સંપૂર્ણ વિશ્વાસ સાથે AN ISO 9001:2015 & ISO 22000: 2018 CERTIFIED COMPANY
શુદ્ધ અને પ્યોર શીંગતેલ G-20 નું ખાત્રીબંધ આપશું.
શુદ્ધતા સાથે કોઈ સમાધાન નહી
માણસની તંદુરસ્તી સાથે
કોઈ રમત નહીં તો રાહ શેની જુઓ છો
તો પધારો આજેજ અમારી ફેકટરી પર
100%VEG
सम्राट अशोक
100% PREMIUM QUALITY
ડબલ ફીલ્ટર્ડ G-20 નું શુદ્ધ શીંગતેલ
અને હા વળી, G-20 નું શુદ્ધ શીંગતેલ આપનો વિશ્વાસ અમારી બ્રાન્ડ બારેમાસ ભરવા લાયક ડબલ ફિલ્ટર કરેલુ.
ગ્રાહકોને સંતોષ એજ અમારૂ લક્ષ્ય
No રીફાઈન્ડ
No ભેળસેળ
No કોલેસ્ટ્રોલ
No કેમીકલ
Enriched With Vitamin A & D
MFG. & MARKETING BY:
ક્રિષ્ટી સીડ્સ ઈન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં.૫,૬,૩૪,૩૫, જી.આઈ.ડી.સી., રેલવે સ્ટેશન સામે, હનુમાનપરા, અમરેલી મો. ૯૪૨૬૯ ૬૩૬૩૩

## મુંબઈ પોલીસમાં ફોન કરી પ્રધાનમંત્રીને મારી નાખવાની ધમકી આપી

મુંબઈ,તા.૨૮

મુંબઈ પોલીસના ટ્રાફિક કંટ્રોલ રૂમમાં ધમકીભર્યો કોલ આવ્યો હતો. ફોન કરનાર વ્યક્તિએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મારી નાખવાની ધમકી આપી છે. ધમકીભર્યા કોલ બાદ પોલીસ એલર્ટ મોડ પર છે અને મામલાની તપાસ કરી રહી છે. પોલીસે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મુંબઈ પોલીસે વડાપ્રધાન મોદી વિરુદ્ધ ધમકીભર્યા ફોન કરવા બદલ ૩૪ વર્ષીય મહિલાની ધરપકડ કરી છે. પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ આરોપીની ઓળખ કરી લેવામાં આવી છે. આ મામલે મુંબઈના અંબોલી પોલીસ સ્ટેશનમાં કેસ નોંધીને એક મહિલાની ઓળખ કરવામાં આવી છે. પોલીસે કહ્યું છે કે ધરપકડની પ્રક્રિયા ટૂંક સમયમાં પૂરી કરવામાં આવશે. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, મહિલા માનસિક રીતે અસ્વસ્થ છે. જો કે હાલ આ મામલે તમામ પ્રોટોકોલ મુજબ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે.



ઈમરજન્સી સારવાર....
હૃદયરોગ - બીપી
શ્વાસ - દમ - ન્યુમોનિયા
પક્ષઘાત - પેરાલીસીસ - આંચકી
ઝેરીદવા - સર્પદંશ
ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૯૩૦૦૦

AIMS-એઈમ્સ HOSPITAL-AMRELI હોસ્પિટલ અમરેલી
Care is our culture
જનરલ મેડિસિન વિભાગ
• ડાયાબિટીશ, બી.પી., હાઈ કોલેસ્ટેરોલ વગેરે જેવા ક્રોનિક રોગોનું નિદાન તથા સારવાર
• દમ (અસ્થમા), સીઓપીડી, ટી.બી., ફેફસામાં પાણી ભરાવું, ન્યુમોનિયા, (Covid-19) કોવિડ, વગેરે રોગોનું નિદાન તથા સારવાર
• (સ્ટ્રોક) મગજનો હુમલો (પક્ષઘાત), ખેંચ, વાઈ, ચક્કર આવવા વગેરે જેવા મગજના રોગોનું નિદાન તથા સારવાર
• મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનીયા, ટાઈફોઈડ, બ્રુસેલા, કમળો વગેરે વિવિધ પ્રકારના તાવનું નિદાન તથા સારવાર
• કોલેરા, ઝાડા, ઊલટી, પેટનો દુ:ખાવો, એપેન્ડીક્ષ, પેનક્રીએટાઈસીસ-સ્વાદુપિંડનો સોજો, ઊલટીમાં લોહી આવવું વગેરે જેવા પેટના રોગોનું નિદાન તથા સારવાર
• પોઈઝન, સર્પદંશ, વીંછી કરડવો, ઈલેક્ટ્રીક શોક વગેરેનું નિદાન તથા સારવાર
ડૉ. કેયૂર આર. કોટડીયા
MBBS, DNB MEDICINE, FID, CCEBDM, FELLOW IN CRITICAL CARE
હૃદયરોગ અને ડાયાબીટીસની સારવારમાં નિષ્ણાત
02792222060
7610810827
એઈમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી

અમારી ખાસ ઓફર
ShRee Jewllers
નૂતનવર્ષના નવલા દીવસોમા સોના ચાંદી ખરીદવાનું શુભ મુહૂર્ત
સોના તેમજ ચાંદીના ઘરેણા ની બનાવટ ઉપર 30% ડીસ્કાઉન્ટ
શ્રી જવેલર્સ
કેરીયારોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપ સામે, સ્ટેશન રોડ, અમરેલી
PH : 99240 44244
shreejewellers_amreli

જ્ઞાનશકિત રેસિડેન્સીયલ સ્કૂલ ઓફ એકસેલન્સ
વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી (ગુજરાત) । સંપર્કઃ 909-909-8220
WE'RE HIRING
પ્રતિભાશાળી શિક્ષકો જોઈએ છે

| ક્રમ | વિષય | જગ્યા | લાયકાત |
|---|---|---|---|
| 1 | વાઈસ પ્રિન્સીપાલ | 1 | શાળાકીય વિષયોમાં અનુસ્નાતક લાયકાત સાથે 5 વર્ષનો અનુભવ |
| 2 | ગણિત/વિજ્ઞાન | 4 | M.Sc./B.Sc, B.Ed. સાથે 2 વર્ષનો અનુભવ |
| 3 | અંગ્રેજી/સંસ્કૃત | 4 | M.A./B.A., B.Ed. સાથે 2 વર્ષનો અનુભવ |
| 4 | સામાજીક વિજ્ઞાન | 2 | M.A./B.A., B.Ed. સાથે 2 વર્ષનો અનુભવ |
| 5 | હિન્દી/ગુજરાતી | 2 | M.A./B.A., B.Ed. સાથે 2 વર્ષનો અનુભવ |
| 6 | આર્ટ એન્ડ ક્રાફટ | 1 | A.T.D. અને ફાઈન આર્ટ્સ |
| 7 | સ્કાઉટ કમાન્ડર | 1 | માન્ય ડિગ્રી સાથે અનુભવ |
| 8 | ગૃહમાતા | 4 | માતૃતુલ્ય અને પ્રેમાળ વ્યકિતત્વ અપેક્ષિત |
| 9 | ગૃહપતિ | 4 | સંપૂર્ણ રીતે છાત્રાલય વ્યવસ્થાપનનાં અનુભવી |

T.E.T/ T.A.T. પાસ ઉમેદવારોને પ્રાથમિકતા આપવામાં આવશે.
(૧) સરકારી ધારા ધોરણ મુજબ લાયકાત (૨) અંગ્રેજી ભાષા પર સારો કમાન્ડ જરૂરી (૩) લાયક ઉમેદવાર માટે આકર્ષક પગાર (૪) શિક્ષકો માટે તાલીમ ફરજીયાત (૫) કમ્પ્યુટર અને ઈન્ટરનેટનું સારૂં જ્ઞાન જરૂરી (૬) વિશિષ્ટ લાયકાત અને બહોળો અનુભવ ધરાવતા કેન્ડીડેટ ને અગ્રીમતા આપવામાં આવશે. (૭) બહારથી આવતા કેન્ડીડેટને માટે રહેવા- જમવાની વ્યવસ્થા આપવામાં આવશે. (૮) તમારી અરજી સંબંધિત તમામ શૈક્ષણિક દસ્તાવેજો સાથે તમારૂ CV/Resume કરો અથવા રૂબરૂ/ પોસ્ટથી અરજી કરી શકાશે.
શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગેજેરા કેમ્પસ
વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી(ગુજરાત) । સંપર્કઃ 909-909-8220
vidyasabhaofficial@gmail.com | www.vidyasabha.com

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહી
સૌથી શ્રેષ્ઠ પ્રોડકટ બનાવીએ છીએ....
100 - 150 200 - 300 લીટર માં ઉપલબ્ધ
૧૦૦% ફુડ ગ્રેડ મટીરીયલ્સ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
૧૪ વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૭૮૯૯૬૯૮૮


Sheetal
₹479/-
₹350/-
Chhole Puri Combo
1 Chole Puri + 1 Dahi Puri + 2 Masala Chaas + 2 Tripple Sundae
Offer Valid : 23-11-2024 to 15-12-2024
શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ સામે, અમરેલી. સમય : સવારે 10:00 થી રાત્રે 11:00

# ચિત્તલ ગામે વિપ્ર પ્રૌઢાની તિક્ષ્ણ હથિયારનાં ઘા ઝીકી નિર્મમ હત્યા

**હત્યાનું કારણ અકબંધ : પોલીસે હત્યારાને ઝડપવા ચક્રો ગતિમાન કર્યા**

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લામાં ચોરી, લૂંટ, હત્યા, મારામારી જેવા બનાવો સામાન્ય બની ગયા હોય તેવું લાગી રહ્યું છે. જિલ્લામાં કાયદો વ્યવસ્થા કથળતા અસામાજિક તત્વો બેફામ બન્યા છે. ત્યારે અમરેલી તાલુકાના ચિત્તલ ગામે ભરબપોરે વિપ્ર પ્રૌઢાની નિર્મમ હત્યા કરવામાં આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. અમરેલી તાલુકાના ચિત્તલ ગામે રહેતા ભાનુશંકર તેરૈયાના પત્ની પ્રભાબેન ઘરે એકલા હતા ત્યારે બપોરના સમયે અજાણ્યા શખ્સે ઘરમાં ગેરકાયદે પ્રવેશ કરી તિક્ષ્ણ હથિયાર વડે ગળા પર હુમલો




કરી વિપ્ર પ્રૌઢાની હત્યા કરી ફરાર થઈ ગયો હતો. આ અંગે લોકોએ એક હેલ્મેટ પહેરેલા યુવકને ઘરની બહાર નીકળતા જોયો હતો. જાણવા મળતી માહિતી મુજબ વિપ્ર પ્રૌઢાએ બપોરનાં ૧૨:૩૦ કલાકે પોતાના પતિને ઘરે જમવા માટે ફોન કર્યો હતો જયારે તેમના પતિ ઘરે પહોંચ્યા ત્યારે માત્ર ૧૫ મિનિટમાં જ વિપ્ર પ્રૌઢાની હત્યા થઈ હોવાનું સામે આવ્યું હતું. આ અંગે પી. આઈ. જાડેજાએ જણાવ્યું હતું કે, મહિલાની હત્યા બાદ તેને પહેરેલા દાગીના કે લોકરમાંથી કોઈ લૂંટ કરવામાં આવી નથી. જેથી આ હત્યા લૂંટના ઈરાદે કરવામાં આવી ન હોવાનું પ્રાથમિક તારણ છે.

# અમરેલી શહેરના બક્ષીપુરમાં ભૂગર્ભ ગટર ઉભરાવાથી ગ્રામજનો પરેશાન

અમરેલી,તા.૨૮

અમરેલીના બક્ષીપુર ભૂતિયા ગામમાં બે વર્ષ પહેલાં ભૂગર્ભ ગટર બનાવવામાં આવી હતી. જોકે, હાલ ગટર ઉભરાવાની સમસ્યાનો લોકો સામનો કરી રહ્યા છે. શેરીઓમાં ગટરના ગંદા પાણી બહાર આવવાના કારણે સ્થાનિક લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. મહિલાઓ, બાળકો, વૃદ્ધો ગટરના ગંદા પાણી નજીકથી પસાર થવા મજબૂર છે. ગંદા પાણીના કારણે રોગચાળો પણ ફાટી નીકળવાની દહેશત ઉભી



થઈ છે. આ અંગે સ્થાનિક લોકોએ વારંવાર રજૂઆતો કરવા છતાં પણ ગટરની સમસ્યાનું સમાધાન થયું નથી. ગટરના ગંદા પાણી તાત્કાલિક બંધ કરવા બક્ષીપુર ભૂતિયા ગામના લોકોએ માંગ કરી છે.

# રાજુલા ખાતે સુંદરકાંડનો પાઠ અને હવન યોજાયો

રાજુલા , તા. ૨૮

રાજુલામાં શિતળા માતાજી મંદિર ખાતે પાર્થધ્વજ હનુમાનજી મંદિરના સાંનિધ્યમાં સુંદરકાંડ પાઠ કરવામાં આવ્યા હતા. જેમાં ગોપાલભાઈ રાવળની ભક્તિ ટીમ, ભાવનગર દ્વારા પાઠનું વાંચન કરવામાં આવ્યું હતું. ભક્તો દ્વારા બહોળી સંખ્યામાં પાઠ, આરતી, ધૂનનો લાભ લેવામાં આવ્યો હતો. વિશ્વ હિન્દુ પરિષદ-રાજુલા દ્વારા યજમાન તથા ગોપાલભાઈ રાવળનું ભગવાન શ્રી રામની છબી અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રમુખ યુવરાજભાઈ ચાંદુ બજરંગ દળ પ્રમુખ, ગૌરાંગ મહેતા મંત્રી,



તસવીર :ગોપાલ રાઠોડ

ચિરાગ બી. જોષી, કીર્તિભાઈ જોડાયા હતા. અમેરિકા સ્થિત રમાબેન રમણિકલાલ ઠાકર-અંબરીશભાઈ ઠાકરે વતનમાં યજમાન તરીકે લાભ મેળવલ હોવાથી ગાયત્રી શક્તિપીઠ પટાંગણમાં ભદ્રકાળી માતાજીના ચંડીપાઠ યજ્ઞનું આયોજન કરાયું હતું. બ્રહ્મસમાજના અગ્રણી વિજયભાઈ જોશી, ચિરાગ બી. જોષી, ચેતનભાઈ ઠાકરે જહેમત ઉઠાવી હતી.

**મહિલાના મળતીયા દ્વારા યુવતીઓને જ્યાં જરૂર હોય ત્યાં મોકલવામાં આવતી હતી**

# મોટી કુંકાવાવ ગામે દુષ્કર્મ કાંડમાં નવો વળાંક : યુવતીઓનો દેહવ્યાપારમાં ઉપયોગ

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લાના મોટી કુંકાવાવ ગામે બે દિવસ પહેલા એક યુવતી સાથે સામૂહિક બળાત્કારની ફરિયાદ નોંધાઈ હતી. સામૂહિક બળાત્કારની ફરિયાદ થતા સમગ્ર અમરેલી જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

પોલીસે સામૂહિક દુષ્કર્મ કરનારા ત્રણ શખ્સને ઝડપી પાડ્યા હતા. જો કે આ દુષ્કર્મ બાદ મોટી કુંકાવાવ ગામેથી કુટણખાનાનો પર્દાફાશ થતા ચકચાર મચી જવા પામી છે. બગસરા ગામે રહેતા દર્પણ વિનોદભાઈ પાથરે વડીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, મોટી કુંકાવાવ ગામે રહેતી દયા કેશવ રાઠોડ નામની મહિલા ગરીબ છોકરીઓની આર્થિક સ્થિતિનો લાભ લઈ જયાં જરૂર હોય ત્યાં યુવતીઓને દેહવ્યાપાર માટે મોકલે છે. આ કામ માટે મહિલા દ્વારા યુવતીઓને પોતાના રહેણાંક મકાને રાખી જુદી-જુદી જગ્યાએ પુરૂષો સાથે દેહવ્યાપારમાં મોકલવામાં આવે છે. આ કામ અંગે દિપક નામનો યુવક જયાં જરૂર હોય ત્યાં યુવતીઓને મોકલી દેહવ્યાપાર કરાવતો હતો.

**ગેંગરેપના આરોપીઓ પાસે દેહવ્યાપાર માટે યુવતીને મોકલી હોવાની ફરિયાદ**

ગેંગરેપના આરોપી પાસે પણ આ જ રીતે યુવતીને મોકલવામાં આવી હતી. આમ, મોટી કુંકાવાવ ગામે દુષ્કર્મ કાંડમાં નવો વળાંક આવતા અમરેલી જિલ્લામાં ચકચાર મચી જવા પામી છે. વડીયા પોલીસે આ ફરિયાદ બાદ તપાસ હાથ ધરી છે.

# દિલીપ સંઘાણીની અધ્યક્ષતામાં આંતરરાષ્ટ્રીય સહકાર સંમેલનનો સમાપન સમારોહ યોજાયો

અમરેલી, તા.૨૮

ભારત મંડપમ્‌માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા પ્રારંભ કરાયેલ આંતરરાષ્ટ્રીય સહકાર સંમેલનનું સમાપન આજે ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીની અધ્યક્ષતામાં થયું. સમાપન સમારોહમાં બોલતાં સંઘાણીએ પ્રધાનમંત્રી મોદી અને સહકાર મંત્રી અમિત શાહનો આભાર વ્યક્ત કર્યો અને કહ્યું કે, સહકાર એ



વિશ્વશાંતિ અને રક્તહીન ક્રાંતિનું એક શક્તિશાળી માધ્યમ છે. સંમેલનમાં ફીજીના ઉપ પ્રધાનમંત્રી મનોઆ કામીકામીકા, કેન્દ્રીય રાજ્ય સહકાર મંત્રી મુરલીધર મોહોલ, આઈ.સી.એ. પ્રમુખ એરીયલ ગ્વારકો, આઈ. સી.એ.ના ડાયરેક્ટર જનરલ જેરોન ડગ્લાસ, આઈ.સી.એ.એ.પી.ના અધ્યક્ષ ડો.ચંદ્રપાલસિંહ યાદવ, ઈફકોના એમ.ડી. ડો.યુ.એસ.અવસ્થિ સહિત ગણમાન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આઈ.સી.એ.ના ડાયરેક્ટર જનરલ જેરોન ડગ્લાસે સંમેલનના સફળ આયોજન બદલ દિલીપભાઈ સંઘાણી અને ભારતને અભિનંદન પાઠવ્યા હતા.

# વડીયાના રસ્તાઓની બિસ્માર હાલત : વિકાસ સમિતિના પ્રમુખનો મુખ્યમંત્રીને પત્ર

વડીયા, તા.૨૮

વડીયા વિકાસ સમિતિના પ્રમુખ જુનેદભાઈ ડી. ડોડીયાએ વડીયાથી ઢોળવા, ચુડા, ભેંસાણ અને હડમતિયા જતા રસ્તાઓની બિસ્માર હાલત અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખ્યો છે.

પત્રમાં જણાવ્યા મુજબ, વડીયાથી ઢોળવા જતો રસ્તો બે વર્ષ પહેલા બન્યો હોવા છતાં મોટા ખાડા પડી ગયા છે અને રસ્તો ખૂબ જ ખરાબ થઈ ગયો છે. આ ઉપરાંત, વડીયાથી ભેંસાણ, ચુડા, હડમતિયા અને સાંકરોળા જતો રસ્તો પણ ખૂબ જ ખરાબ હાલતમાં છે. આ રસ્તાઓની ખરાબ હાલતને કારણે વાહનચાલકો, ખેડૂતો, વેપારીઓ અને વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ રસ્તાઓ પર અનેકવાર અકસ્માતો પણ સર્જાયા છે. વડીયા વિકાસ સમિતિએ અગાઉ પણ આ સમસ્યા અંગે અનેકવાર રજૂઆત કરી હતી, પરંતુ હજુ સુધી કોઈ કાર્યવાહી થઈ નથી. જુનેદભાઈ ડોડીયાએ મુખ્યમંત્રીને આ અંગે તાત્કાલિક પગલાં લેવા અને આ રસ્તાઓનું નવીનીકરણ કરવા વિનંતી કરી છે. આ પત્રની નકલ જિલ્લા કલેક્ટર અધિકારી, જૂનાગઢ, જિલ્લા કલેક્ટર અધિકારી અમરેલી, તાલુકા વિકાસ અધિકારી ભેંસાણ અને તાલુકા વિકાસ અધિકારી કુંકાવાવને પણ મોકલવામાં આવી છે.

# અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષના હસ્તે તાલુકા ખરીદ વેચાણ સંઘોને શિલ્ડ અને સર્ટિફિકેટ એનાયત

અમરેલી, તા. ૨૮

ગુજરાત રાજ્ય સહકારી સંઘની સૂચના અનુસાર દર વર્ષની જેમ આ વર્ષે પણ સહકારી મંડળીઓમાં સારું કામ કરનારને શિલ્ડ તેમજ સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં આ વર્ષે તાલુકા ખરીદ વેચાણ સંઘોમાં સારું કામ કરનાર માટે શિલ્ડ અને સર્ટિફિકેટ હરીફાઈનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં અમરેલી જિલ્લામાં પાંચ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ દ્વારા ભાગ લેવામાં આવેલ હતા. પ્રથમ ક્રમે અમરેલી



તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ, બીજા ક્રમે સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ વેચાણ તેમજ ત્રીજા ક્રમે બાબરા તાલુકા ખરીદ વેચાણ સંઘ દ્વારા સારી કામગીરીમાં નંબર મેળવેલ હતા. જેઓને અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણીના હસ્તે શિલ્ડ અને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવેલ હતા. આ ત્રણેય સહકારી સંઘોના ચેરમેન જયેશભાઈ નાકરાણી, દીપકભાઈ માલાણી, હિંમતભાઈ પાનસેરીયાને યુવા નેતા મનીષ સંઘાણી દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવેલ.

# સાવરકુંડલાની મહિલા આર્ટ્સ કોલેજમાં કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલામાં શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં તા.૨૮/૧૧/૨૪ના રોજ વિદ્યાર્થીઓમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે જાગૃતિ વધે તે માટે એક સેમિનારનું આયોજન થયું હતું. જેમાં ભાવિનભાઈ માંકડે જી.પી.એસ.સી અને



અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓની પૂર્વ તૈયારી કઈ રીતે કરવી તેનું માર્ગદર્શન આપ્યું હતું. ગવર્મેન્ટની સ્કોલરશીપથી ચાલનાર કલાસીસ અંગેની માહિતી આપીને વિદ્યાર્થિનીઓને તેમાં જોડાવા માટે અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં કેળવણી મંડળના ઉપપ્રમુખ કનુભાઈ ગેડિયા, દેસાઈ સાહેબ, સલીમભાઈ વગેરેની ઉપસ્થિતિ હતી. મહેમાનોનું સ્વાગત પ્રિન્સિપાલ ચાવડા સાહેબે કર્યું હતું. આભાર દર્શન પ્રા.છાયાબેન શાહે કર્યું હતું.









# એસ.એચ.ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓનું ગૃહમંત્રીના હસ્તે સન્માન

**નેશનલ સ્પર્ધામાં ગૌરવ પ્રાપ્ત કરનાર ખેલાડીઓને સન્માનિત કરાયા**

અમરેલી, તા.૨૮

શ્રીમતી એસ.એચ.ગજેરા કેમ્પસના DLSS ખેલાડીઓને તેમની ઉત્કૃષ્ટ રમત-ગમત સિદ્ધિઓ બદલ રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા.







વર્ષ ૨૦૨૩-૨૪ માં નેશનલ કક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરનાર નીચેના ખેલાડીઓનું સન્માન કરવામાં આવ્યું જેમાં હડિયા સુમીતા જીલુભાઈ, સોલંકી દિવ્યા અરવિંદભાઈ, ચૌહાણ સુનિતા હરેશભાઈ, બારૈયા નિધિબેન દિનેશભાઈ, ગજેરા માનસી મહેશભાઈ, ચૌહાણ ઈશાના અશોકભાઈ, મકવાણા દર્શનાનો સમાવેશ થાય છે. આ ખેલાડીઓ જિલ્લા કક્ષા સ્પોર્ટ સ્કૂલ યોજના (DLSS) અંતર્ગત શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસમાં અભ્યાસ કરે છે. તેઓના સન્માન સમારોહમાં ગૃહમંત્રી હર્ષ સંઘવી, ડાયરેક્ટર જનરલ ડો. નીનામા સહિત અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી અને રમત-ગમત વિકાસ અધિકારી પૂનમબેન ફુમકીયા દ્વારા ખેલાડીઓ અને કોચ-ટ્રેનરોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# નેસડી ગામની મહિલાના ફોટાનો દુરૂપયોગ કરી રિલ્સ બનાવનાર સામે ફરિયાદ

**અમરેલી સાયબર ક્રાઈમે તપાસ હાથ ધરી**

અમરેલી, તા.૨૮

સાવરકુંડલાના નેસડી ગામના યુવકની પત્ની તથા તેની કાકીના ફોટાનો દુરુપયોગ કરીને રિલ્સ બનાવી અશ્લીલ લખાણ લખનારા સોશિયલ મીડિયા યુઝર સામે ફરિયાદ નોંધાઈ હતી.

વિપુલભાઈ ઘનશ્યામભાઈ સોંડાગર (ઉ.વ.૪૪)એ Nikita Baa R(R)'' નામના ફેસબુક એકાઉન્ટ ધારક-વાપરનાર સામે સોશિયલ મીડિયાના માધ્યમથી તેના પત્ની તથા કાકીના ફોટા મેળવી, તેમની જાણ બહાર દુરૂપયોગ કરી તે ફોટામાં ખરાબ અભદ્ર શબ્દોવાળી કોમેન્ટ મૂકી રિલ્સ પોસ્ટ કરીને તેની પત્ની તથા કાકીની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડી બદઈરાદે ખરાબ-બિભત્સ લખાણ લખ્યું હતું. અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પીઆઈ એ. એમ. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# શ્રી મહિલા અધ્યાપન મંદિરમાં સાયબર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

સાવકુંડલા,તા.૨૮

અમરેલી જિલ્લાના સાયબર સેલ વિભાગે શ્રી મહિલા અધ્યાપન મંદિરમાં એક મહત્ત્વપૂર્ણ સાયબર જાગૃતિ કાર્યક્રમ યોજ્યો, જેમાં તાલીમાર્થી મહિલાઓને ડિજિટલ દુનિયામાં સુરક્ષા અને સાવચેતીની જાણકારી આપવામાં આવી. કાર્યક્રમના મુખ્ય વક્તાઓ નૈતિકભાઈ અને મીરાબેનએ PPT દ્વારા સોશિયલ મીડિયા અને મોબાઈલ ફોનથી સંભવિત સાયબર ગુનાઓ વિશે વિસ્તૃત માહિતી આપી. વિશેષ નોંધ એ છે કે આ કાર્યક્રમ મહિલા અને બાળ વિકાસ વિભાગ અમરેલીના ૨૫ નવેમ્બરથી ૧૦ ડિસેમ્બર સુધીના કાર્યક્રમ અંતર્ગત યોજાયો હતો. કાર્યક્રમમાં સાયબર ફ્રોડથી કઈ રીતે બચી શકાય? ફ્રોડ થયા પછી શું કરવું જોઈએ? ઓનલાઈન પ્લેટફૉર્મ્સ પર સુરક્ષા વિશે વ્યાપક ચર્ચા કરવામાં આવી હતી.



# પતિએ પત્નીને વાડીએ સુવા લઈ જવાની ના પાડી મુંઢમાર માર્યો

**રાજુલાના વિસળીયા ગામનો બનાવ**

રાજુલા, તા.૨૮

રાજુલાના વિસળીયા ગામે રહેતી એક પરિણીતાને તેના પતિ સાથે વાડીએ સુવા જવું હતું. પરંતુ પતિએ સાથે લઈ જવાની ના પાડી મુંઢમાર માર્યો હતો. બનાવ અંગે બાજુબેન આણંદભાઈ શિયાળ (ઉ.વ.૩૨)એ પતિ આણંદભાઈ દેવાભાઈ શિયાળ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને પતિ સાથે વાડીએ સુવા જવું હતું. પતિએ સાથે નહીં લઈ જઈ બોલાચાલી કરી મુંઢમાર માર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી.જી. ડાભી વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના GSRTCના ડ્રાઈવર અને કંડકટરની ઈમાનદારી

અમરેલી, તા.૨૮

અમરેલીના જીએસઆરટીસીના ડ્રાઈવર અને કંડકટરની ઈમાનદારી સામે આવી છે.

૨.૧૫ કલાકે ભાવનગરથી ઉપડી અમરેલી આવતી બસમાં એક લેડીઝ મુસાફર એમની કીટ (બેગ) ભૂલી ગયા હતા. જેમાં રોકડ રકમ ૪૦૦૦, જરૂરિયાત ડોક્યુમેન્ટ અને કિંમતી સામાન હતો. તે બેગ બસમાં ભૂલી ગયા હતા. બસમાં પર્સ ભૂલી ગયા હોવાનું ધ્યાને આવ્યા બાદ બસના ડ્રાઈવર વિશાલભાઈ પાડા અને કંડકટર રોહિતભાઈ વાઘેલાએ તેમના સંબંધીને પર્સ પરત કરી ઈમાનદારીનું ઉદાહરણ પૂરૂં પાડ્યું હતું.




ઉત્સવ મીની મીલનું ફક્ત G20 ન અભિન (પલળીયા વગરની) સહપ્રનંદભાઈનું.... આપની નજર સામે જ....
G20 મગફળીનું અને તલનું તેલ ભરી આપીશું.
વડેરા-અમરેલી બન્ને જગ્યાએથી મળશે.
ઉત્સવ મીની મીલ (ઘાણીનું તેલ)
સ્થળ: ઉત્સવ મીની મીલ (ઘાણીનું તેલ) અમરેલી રાધેશ્યામ બાયપાસ ચોકડી ઉપર, અમરેલી
Mo. 94269 61006 | 98790 56605 | 99785 14133



અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • કેરાટીન • હાઈલાઈટસ • સ્મુથનીંગ • બોટોક્ષ • નેનો પ્લાસ્ટી • ટેટુઝ • શાઈનર • નેલ આર્ટ • ફેસીયલ વીથ હાઈડ્રા • બ્રાઈડલ મેકઅપ • હેર એક્સટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેન્ડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ: 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.



ડાઈનીંગ ટેબલ, સોફા સેટ અને પીવીસી ફર્નિચરની વિશાળ રેન્જ હવે આપણા અમરેલીમાં એ પણ તદ્દન વ્યાજબી ભાવમા એકમાત્ર સ્થળે
શ્રી હરી પીવીસી ફર્નિચર
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, બિનહરીફ દાબેલીની બાજુમા, અમરેલી
સંપર્ક: 9925084788 8200268079


## -//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૧૨૧/૨૦૨૪

**અરજદાર :-** શ્રી ગોરધનભાઈ સવજીભાઈ બોઘાણી
રહે. સણોસરા તા. જિ.અમરેલી

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.સણોસરા, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સણોસરા ગામના ગોરધનભાઈ સવજીભાઈ બોઘાણી તેઓના પુત્ર વિપુલભાઈ ગોરધનભાઈ બોઘાણીની જન્મ તા.૦૧/૦૬/૧૯૭૭ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૮/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય


શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂ.૯૯૯
ડીલક્સ રૂમ રૂ.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી



પ્રોફેશનલ ફેમિલી સ્પા હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
PROFESSIONAL spa Amreli
અમરેલી બ્રાન્ચ -૧
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે,
Mo. 98242 65665


## -//સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, ગોંડલની કોર્ટ સમક્ષ//-

નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી.કેસ નં.૨૧૨/૨૦૨૪ તા.૧૯/૧૧/૨૦૨૪

**-::જાહેર નોટિસ::-**

શ્રી લખુભાઈ છગનભાઈ પાડલીયા
મુ.મોટાદડવા, તા.ગોંડલ .......અરજદાર

-//વિરૂધ્ધ//-

રજિસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ-મંત્રીશ્રી, મોટાદડવા ગ્રામ પંચાયત કચેરી, તા.ગોંડલ જી.રાજકોટ ......સામાવાળા

**વિષય: જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની નોટિસ**

આ જાહેર નોટિસથી લાગતા-વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પિતાશ્રી છગનભાઈ ઘુસાભાઈ પાડલીયાનુ અવસાન તા.૧૭/૦૨/૧૯૮૩ ના રોજ મોટાદડવા મુકામે થતા, તેમના અવસાનની નોંધ જે-તે વખતે સામાવાળાના અવસાન રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળતા અરજ કરેલ છે. સદરહુ હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા.૧૯/૧૨/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે પ્રાંત કચેરી 'તાલુકા સેવા સદન', ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર / તમો સામાવાળા જે કોઈ આધાર-પુરાવા રજુ કરવા માંગતા હોય તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનું નથી. તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે જાણશો.

આજ તા.૧૯/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સિક્કો

સહી,
સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ
ગોંડલ


વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI HONDA TOYOTA Ford HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail: kanpariyavipul4025@gmail.com

અસામાજિક તત્વોને પોલીસનો કંઈ જ ડર ન હોય તેમ છાકટા બન્યા

# બાબરાના શીરવાણીયા ગામના સરપંચ પરના હુમલાને વખોડવામાં આવ્યો

**ગામના પ્રથમ નાગરિક જ સલામત નથી, ગ્રામજનોમાં રોષ**

અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાણે કથળી હોય તેમ અસમાજિક તત્વોને પોલીસનો જાણે કંઈ જ ડર નથી તેવુ લાગી રહ્યુ છે. જેમાં બાબરા તાલુકાના શીરવાણીયા ગામના સરપંચ ઉપર અસામાજિક તત્વોએ




હિંસક હુમલો કરતા આ ઘટનાનાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. બાબરા પંથકમાં પોલીસનો જાણે કંઈ જ ડર ન હોય તેમ અસામાજિક તત્વો છાકટા બની ગયા છે ત્યારે શીરવાણીયા ગામના સરપંચ ઉપર હિચકારો હુમલો કરવામાં આવ્યો છે. સરપંચ ઉપર હુમલો કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તે માટે ગ્રામજનોએ માંગ કરી છે. જો ગામના સરપંચ જ સલામત ન હોય તો સામાન્ય માનવીની હાલત શું થશે તેવો સવાલ ઉઠવા પામ્યો છે.

# સા.કુંડલાના વોર્ડ નં.૮માં ગટરના પાણી રોડ પર ફરી વળતા લોકરોષ

**રોગચાળો ફાટી નીકળે તે પહેલા પાલિકા દ્વારા નિરાકરણની માંગ**

સાવરકુંડલા, તા.૨૮

સાવરકુંડલા શહેરના પાલિકાના વોર્ડ નં-૮ના ખાદી કાર્યાલયમાં ગટર ઉભરાવાની સમસ્યા જોવા મળી રહી છે. અહી પાલિકાના સત્તાધીશો પણ ધ્યાન આપતાં નથી. ખાદી કાર્યાલય વિસ્તારમાં મહમદભાઈ પીઠવડી વાળાના ઘર પાસે મુખ્ય રોડની મધ્યમાં આવેલ મોટી ગટર ઉભરાવાની સમસ્યાથી વિસ્તારના રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. વિદ્યાર્થીઓ, મહિલાઓ, બાળકો, વૃદ્ધો ગટરના ગંદા પાણીમાંથી પસાર થઈ રહ્યા છે અને ઘર બહાર નીકળે ત્યારે મોઢે




રૂમાલ રાખવો પડે છે. છેલ્લા થોડા દિવસોથી ગટરોના ગંદા પાણીના ભરાવાના કારણે રોગચાળો પણ ફાટી નીકળવાની દહેશત ઉભી થઈ છે. ખાદી કાર્યાલય વિસ્તારમાં મોટા પ્રમાણમાં ઉભરાતી ગટરોના ગંદા, દુર્ગંધ યુક્ત પાણીથી મચ્છરોનો પણ ઉપદ્રવ વધી રહ્યો છે. શહેરમાં રોગચાળો ફાટી નીકળે તે પહેલા જ પાલિકા દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# રાજુલાના સ્પર્શ મશરૂએ સ્કેટિંગમાં મેળવ્યો મેડલ, અમરેલીનું નામ રોશન કર્યું

રાજુલા, તા.૨૮

રાજુલા તાલુકાના યુવા ટેલેન્ટ સ્પર્શ જીતેન્દ્રભાઈ મશરૂએ આજે દેકાથલોન (DECATHLON) અને તન્ના સ્પોટ્ર્સ લોન (TANNA'S Sprots Lawns) દ્વારા આયોજિત નોન-સ્ટોપ સ્કેટિંગ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. સ્પર્શે પોતાના અસાધારણ સ્કેટિંગ કૌશલ્ય દ્વારા મેડલ જીતીને રાજુલા તાલુકા અને અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. વર્તમાન સમયે, તે કપિલ સર પાસેથી



માર્ગદર્શન (તાલીમ) પ્રાપ્ત કરી રહ્યો છે. લોહાણા સમાજના આ યુવા ખેલાડીએ પોતાની પ્રતિભા અને કઠોર પરિશ્રમ દ્વારા સ્થાનિક સમુદાયમાં ઉત્સાહ અને આત્મવિશ્વાસની પ્રેરણા પૂરી પાડી છે.

# વૃદ્ધોના સન્માનમાં ભવ્ય ચારધામ યાત્રા: માનવતાનો અનમોલ પ્રયાસ

**'સબકા માલિક એક' ટ્રસ્ટનો અનોખો સામાજિક પ્રકલ્પ**

સાવરકુંડલા,તા.૨૮

સાવરકુંડલા સ્થિત 'સબકા માલિક એક માનવ સેવા ટ્રસ્ટ' દ્વારા વૃદ્ધોના સન્માનમાં એક અનોખી પહેલ કરવામાં આવી છે. ટ્રસ્ટ દ્વારા 'મા-બાપનું ઘર વૃદ્ધાશ્રમ'ના



વૃદ્ધો માટે ચારધામ યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ યોજાનાર આ યાત્રામાં વૃદ્ધો માટે શાહી ભોજનનું આયોજન કરવામાં આવશે. ત્યારબાદ સૌરાષ્ટ્રની ચારધામ યાત્રા માટે પ્રસ્થાન કરવામાં આવશે. યાત્રા દરમિયાન વૃદ્ધોને દરેક ધામના દર્શન કરાવવામાં આવશે, સાથે તેમને સંપૂર્ણ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. 'સબકા માલિક એક' ટ્રસ્ટ માત્ર વૃદ્ધોની સેવા પૂરતું મર્યાદિત નથી. ટ્રસ્ટ દ્વારા સામાજિક, શૈક્ષણિક અને માનવીય ઉપયોગી સેવાઓ પણ આપવામાં આવે છે.

# સાવરકુંડલાના ખડસલી ગામે યુવકને કુટુંબીજને જ જાનથી મારવાની ધમકી આપી

સાવરકુંડલા, તા.૨૮

સાવરકુંડલાના ખડસલી ગામે એક યુવકને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ સંદર્ભે નકુલભાઈ ભીખાભાઈ કંટારીયા (ઉ.વ.૨૭)એ રતિભાઈ કરશનભાઈ કંટારીયા, મણીલાલ રતિલાલ કંટારીયા, જયદિપભાઈ રતિભાઈ કંટારીયા તથા કનુભાઈ કરશનભાઈ કંટારીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની ગાયના વાછરડાને શેરીના કૂતરાએ મારી નાંખ્યું હતું. જેથી તેના નાના ભાઈ મનીષભાઈએ શેરીના કૂતરાને મારી નાખ્યા હતા. આ બાબતનું મનદુઃખ રાખી આરોપી એકસંપ થઈને તેમના ઘરે આવી તેમના બાપુજીને મુઢમાર મારી શરીરે ઈજા કરી હતી. તેમજ તેમને તથા તેના નાના ભાઈ મનીષભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ બી.પી. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીના હિરાણા ગામના પાટીયા પાસે અકસ્માતમાં એકનું મોત

**અકસ્માત સર્જી ચાલક ફરાર થઈ ગયો**

લાઠી, તા.૨૮

લાઠીના હીરાણા ગામના પાટીયા પાસે સર્જાયેલા અકસ્માતમાં એક યુવકનું મોત થયું હતું. બનાવ અંગે ઢસા ગામે રહેતા હર્ષદભાઈ ઘનશ્યામભાઈ ટીહલા (ઉ.વ.૨૭)એ જીજે-૧૪-બીબી-૮૪૯૮ના ચાલક યશવંતભાઈ ડાયાભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના કાકા ૩૦/૧૦/૨૦૨૪ બપોરના આશરે ચારેક વાગ્યે પોતાના ઘરેથી બાબરા માંડવીનો પાલો રાખવા માટે ગયા હતા અને પરત આવતા હતા. તે દરમિયાન સાંજના આશરે સાડા સાતેક વાગ્યે હિરાણા ગામના પાટીયા પાસે પહોચતા આરોપીએ ટક્કર મારી પછાડી દીધા હતા. જેને લઈ શરીરે ઈજાઓ થતા મૃત્યુ પામ્યા હતા. અકસ્માત સર્જી ચાલક ફરાર થઈ ગયો હતો. લાઠી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.વી. શિયાળ વધુ તપાસ કરી રહ્યા છે.

# 'સમાજમાં આપણી આબરૂ રહેશે નહી' કહેતા ગાળો બોલી ધમકી આપી

**ચલાલામાં તળાવ કાંઠે ઘટના બની**

ચલાલા, તા.૨૮

ચલાલામાં રહેતા રસિકભાઈ અમરાભાઈ માથાસુળીયા (ઉ.વ.૪૨) એ ભીખાભાઈ પ્રાગજીભાઈ માથાસુળીયા, વનરાજભાઈ ભીખાભાઈ માથાસુળીયા, ગોગનભાઈ પ્રાગજીભાઈ માથાસુળીયા, મુન્નાભાઈ પ્રાગજીભાઈ માથાસુળીયા તથા કાળુભાઈ પ્રાગજીભાઈ માથાસુળીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે ભીખાભાઈ પ્રાગજીભાઈ માથાસુળીયાને ઠપકો આપેલ હોય કે, તમારા દીકરા અને મારી દીકરીને મનમેળ છે. તેથી ભવિષ્યમાં કોઈ અઘટિત બનાવ બને તે કહી ન શકાય અને સમાજમાં આપણી આબરૂ રહેશે નહી તેમ કહેતા સારૂ નહોતું લાગ્યું અને ઉશ્કેરાઈ જઈ જેમ ફાવે તેમ ગાળો આપી હતી. અહીંથી જતા રહો નહીતર જાનથી મારી નાખીશું તેમ કહી મારી નાખવાની ધમકી આપી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રાઘવભાઈ અરજણભાઈ સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયાના આંબા ગામે ૨૦ મણ કપાસ સળગી ગયો

લીલીયા, તા.૨૮

લીલીયાના આંબા ગામે રહેતા જીજ્ઞેશભાઈ મનસુખભાઈ સાવજ (ઉ.વ.૩૪)એ જાહેર કર્યા મુજબ, તેમણે ભાગવી રાખેલી વાડીમાં કપાસનું વાવેતર કર્યુ હતું. આ કપાસ તેમના ભાગીદાર રામજીભાઈ પ્રેમજીભાઈ માલવીયાના રહેણાંક મકાને રૂમમાં રાખ્યો હતો. જેમાં ૭૦ મણ કપાસ પૈકી કોઈ કારણસર ૨૦ મણ કપાસ સળગી જતાં રૂપિયા ૩૦૦૦૦નું નુકસાન થયું હતું. લીલીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી.આર. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: તેરસ
તા. ૨૯-૧૧-૨૦૨૪, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૫૫, સૂર્યાસ્ત-૦૫:૨૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: સ્વાતિ

## દૈનિક રાશિફળ

તા.૨૯-૧૧-૨૦૨૪ શુક્રવાર

મેષ: આર્થિક મામલામાં તમારા માટે આજનો દિવસ ઉત્સાહજનક રહેશે. તમે ઇચ્છો તો પણ રોકાણ કરી શકો છો. દિવસ થોડો વ્યસ્ત રહેશે.

વૃષભ: આજે તમને નાણાકીય લાભ થવાની સંભાવના છે. જો તમે નોકરી કરો છો તો આજે તમારા કામ અને અધિકારોમાં વધારો થશે.

મિથુન: આજે તમને શુભ પરિણામ મળી શકે છે. તમારી ઈચ્છા આજે પૂરી થઈ શકે છે. સંતાનો તરફથી પણ જે ચિંતાઓ રહી હતી તે આજે ઉકેલાશે તેવી અપેક્ષા છે.

કર્ક: આજે શારીરિક અને આર્થિક શક્તિ પ્રાપ્ત થશે. સારી ગુણવત્તાવાળા લોકો સાથે વધતા જોડાણને લીધે અધિકારીઓ તમારી તરફેણમાં રહેશે.

સિંહ: આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓને શારીરિક પીડા થઈ શકે છે. સાંજથી મોડી રાત સુધી તમને પરિવારના સભ્યો સાથે મુસાફરીનો આનંદ મળશે.

કન્યા: આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થવાની સંભાવના રહેશે. સાંજથી રાત સુધી શુભ કાર્યોમાં ભાગ લેવાનું સૌભાગ્ય મળશે.

તુલા: આજે તમે સંતાન પક્ષને લઈને ચિંતિત રહેશો. બાળકની શારીરિક પીડાને કારણે તમે પરેશાન થશો. સ્થળ પરિવર્તનનો સંદર્ભ મજબૂત અને સ્થાપિત થશે.

વૃશ્ચિક: આજે તમારે સંયમનું પાલન કરવું જોઈએ. વ્યવસાયમાં સાથીઓ સાથે સંકલનના અભાવે તમે અસ્વસ્થતા અનુભવો છો.

ધન: આજે તમારી પ્રતિષ્ઠામાં વધારો થશે. દુશ્મનોનું મનોબળ ઘટશે. વેપારીઓ અને ભાગીદારો તરફથી પણ વ્યવસાયમાં સારું વાતાવરણ રહેશે.

મકર: આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમને બાળક તરફથી ચિંતા થઈ શકે છે. આ સિવાય કફના લીધે શારીરિક પીડા થવાની સંભાવના રહેશે.

કુંભ: આજે શુભ ખર્ચ અને ખ્યાતિમાં વધારો થશે. કોઈ જૂના મિત્ર સાથેની મુલાકાત આજે તમારા ચહેરા પર સ્મિત લાવશે.

મીન: આજે તમને ધંધામાં સતત લાભ થવાની સંભાવના રહેશે. તે જ સમયે વ્યાવસાયિક ભાગીદારો સાથે મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

# અમરેલી જિલ્લામાં ટાઢોડું થતાં જ નિશાચરો સક્રિય થયા: બેંકને બનાવી નિશાન

**બાબાપુર ગામે બેન્ક ઓફ ઈન્ડિયાનું તાળું તૂટ્યું**

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લામાં ઠંડીનો પારો ગગડવાની સાથે નિશાચરો પણ સક્રિય થયા છે. ચોરીની અલગ અલગ ત્રણ ઘટના નોંધાઈ હતી. વડીયાના સનાળા ગામે રહેતા રાકેશભાઈ જેરામભાઈ વસાણી (ઉ.વ.૪૫)એ જાહેર કર્યા મુજબ, અજાણ્યો ચોર ઈસમ તેમના ઘરે ત્રાટક્યો હતો અને લોખંડના કબાટનો દરવાજો ખોલી રોકડા ૫૦ હજારની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. અમરેલીના બાબાપુર ગામે આવેલ બેન્ક ઓફ ઈન્ડિયાની બ્રાંચમાં અંદર પ્રવેશવાના દરવાજા તેમજ સ્ટ્રોંગરૂમમાં જવાના દરવાજાના તાળા તોડી બેન્કના બિલ્ડિંગમાં પ્રવેશ કરી, અંદરની તિજોરીના ચેનલના તાળા તોડી તેમજ તિજોરીને તોડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હોવાની નરેશભાઈ મોહનભાઈ બલાઈ (ઉ.વ.૩૫)એ ફરિયાદ નોંધાવી હતી. લીલીયાથી લોકી ગામ વચ્ચે પાદરની સીમ તરીકે ઓળખાતા સીમ વિસ્તારમાં વાડીએ પતરાની પેટીમાં મૂકેલા ઝટકા મશીન તથા બેટરીની અજાણ્યો ઈસમ ચોરી કરીને ફરાર થઈ ગયો હોવાની રસિકભાઈ આણંદભાઈ સોળીયાએ ફરિયાદ નોંધાવી હતી.

# મોટી કુંકાવાવના સામૂહિક દુષ્કર્મમાં ત્રીજો આરોપી ઝડપાયો

અમરેલી, તા.૨૮

મોટી કુંકાવાવ ગામે ૨૧ વર્ષીય યુવતી પર સામૂહિક દુષ્કર્મ કરવામાં આવતા યુવતીએ ચાર યુવકો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેમાં બે આરોપીઓ ઝડપાયા બાદ વધુ એક આરોપીને પોલીસે પકડી પાડ્યો હતો. ત્રણેય આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવતા કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. મોટી કુંકાવાવ ગામે લગ્નની લાલચ આપી ૨૧ વર્ષીય યુવતી પર સામૂહિક બળાત્કાર કરવામાં આવ્યો હતો જેથી ભોગ બનનાર યુવતીએ ચાર યુવકો સામે વડીયા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે મુખ્ય આરોપી અનિલ દેસાઈ અને સોમા હરપાલ આલાણીની ધરપકડ કરી હતી તો દકુ ઉર્ફે નયન વેકરીયાની પણ મોડી રાત્રે ધરપકડ કરવામાં આવી હતી.







**તંત્રી લેખ**


# દેવાના દરિયામાં ડૂબેલું માલદીવ ભારતને સહારે

ભારતના અસહયોગને કારણે માલદીવનું અર્થતંત્ર ઝડપે તૂટી રહ્યું છે. બીજી બાજુ દરિયાની સપાટી ઊંચી આવી રહી હોવાથી તે ધીમે ધીમે દરિયામાં ડૂબી રહયુ છે. ગ્લોબલ વોર્મિંગની અસર ઝડપથી દેખાવા લાગી છે. ઋતુના ચક્રમાં પરિવર્તન થયું છે, આવી જ રીતે ધરતીની સપાટીનું તાપમાન વધી રહ્યું છે એને કારણે ઉત્તર ધ્રુવ- દક્ષિણ ધ્રુવના બરફ પીગળવા લાગતા સમુદ્રની સપાટી ઊંચી આવી રહી છે જેને કારણે અમુક વર્ષો પછી માલદીવ અને લક્ષદીપના ટાપુઓ ધીમે ધીમે દરિયામાં ગરક થઈ જશે. આ મુશ્કેલીના શ્રી ગણેશ અત્યારે થઈ ચૂક્યા છે બીજી બાજુ માલદીવનું અર્થતંત્ર ધીમે ધીમે તૂટી રહ્યું છે. લક્ષદ્વીપના ટાપુઓ '૨૦૫૦ સુધીમાં ડૂબી જશે' એવી ચિંતા કેમ છે? ભારત સાથેના વિવાદોને કારણે માલદીવમાં જનારા ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં ઝડપથી ઘટાડો થયો હતો. માલદીવની અર્થવ્યવસ્થા પર્યટન પર ખૂબ જ નિર્ભર છે. ગત મહિનાની શરૂઆતમાં જ્યારે માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝ્ઝુએ દિલ્હી પ્રવાસ કર્યો ત્યારે ભારતે ચલણી સંકટમાંથી પસાર થઈ રહેલા આ દેશને ૬૩૦૫ કરોડ રૂપિયાની નાણાકીય મદદ કરવાનો વાયદો કર્યો હતો. માલદીવ, અધિકૃત રીતે રીપબ્લિક ઓફ માલદીવ, દક્ષિણ એશિયામાં હિંદ મહાસાગરમાં આવેલો ટાપુ દેશ છે. તે શ્રીલંકા અને ભારતથી દક્ષિણ-પશ્ચિમ દિશામાં આવેલો છે. માલદીવના ટાપુઓ ૨૬ ટાપુઓમાં વહેંચાયેલા છે, જે ૨૯૮ ચોરસ કિમીનો વિસ્તાર ધરાવે છે, જે માલદીવને વિસ્તાર તેમજ વસ્તીની દ્રષ્ટિએ એશિયાનો સૌથી નાનો દેશ બનાવે છે. માલદીવ એ ભારતીય ઉપખંડના દક્ષિણ-પશ્ચિમમાં આવેલું પ્રજાસત્તાક છે. તે લગભગ ૧,૨૦૦ ટાપુઓની સાંકળથી બનેલું છે, જેમાંથી મોટાભાગના નિર્જન છે. કોરલ ટાપુઓમાંથી કોઈ પણ સમુદ્ર સપાટીથી ૧.૮ મીટર (છ ફૂટ)થી વધુ ઊંચું નથી, જે દેશને ગ્લોબલ વોર્મિંગ સાથે સંકળાયેલા દરિયાઈ સ્તરમાં કોઈપણ વધારા માટે સંવેદનશીલ બનાવે છે.૨૦૦૮ માં લાંબા સમયથી સેવા આપતા પ્રમુખ મૌમૂન અબ્દુલ ગયૂમની ચૂંટણીમાં હાર બાદ તેનો રાજકીય ઈતિહાસ અસ્તવ્યસ્ત રહ્યો છે. ભારત યાત્રામાં માલદીવના રાષ્ટ્રપતિએ ભારતીય પર્યટકોને તેમના દેશમાં આવવા માટે અપીલ પણ કરી હતી. આ પ્રવાસ ૨૦૨૪માં બનેલા ઘટનાક્રમથી બિલકુલ ઊલટ હતો. મુઈઝ્ઝુએ જ તેમના રાષ્ટ્રપતિ ચૂંટણી માટેના અભિયાનમાં 'ઇન્ડિયા આઉટ'નો નારો આપ્યો હતો. જાન્યુઆરી ૨૦૨૪માં જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે લક્ષદ્વીપની યાત્રાએ ગયા ત્યારે એક વિવાદ શરૂ થયો હતો અને ટૂરિઝમ ડૅસ્ટિનેશન માટે માલદીવની સરખામણી લક્ષદ્વીપ સાથે કરવામાં આવી હતી. આ મામલાએ ત્યારે રાજકીય વિવાદનું સ્વરૂપ લઈ લીધું જ્યારે માલદીવના મંત્રીઓએ ભારત અને પીએમ મોદી સામે વિવાદિત ટિપ્પણીઓ કરી હતી. આ વિવાદ પછી ભારતમાં સોશિયલ મીડિયા યૂઝર્સે માલદીવ જવાનો બહિષ્કાર કરવાની અપીલ કરી હતી. વર્ષ ૨૦૨૨માં માલદીવની અર્થવ્યવસ્થામાં પ્રવાસનનો હિસ્સો ૨૨.૫ ટકા હતો. ૨૦૨૦થી ૨૦૨૩ સુધી, ભારત માલદીવમાં આવનારા પ્રવાસીઓની સંખ્યાના સંદર્ભમાં પ્રથમ ક્રમે હતું, પરંતુ ૨૦૨૪માં તે છઠ્ઠા સ્થાને પહોંચી ગયું હતું.૨૦૨૩માં જાન્યુઆરીથી ઓગસ્ટ વચ્ચે ૧.૩૫ લાખ ભારતીયોએ માલદીવની મુલાકાત લીધી હતી. ૨૦૨૪માં આ સંખ્યા ઘટીને ૮૧,૫૦૦ થઈ ગઈ એટલે કે ૪૦%નો ઘટાડો થયો હતો.

# સામાજિક દુષણોનું સૌથી મોટું ઓનલાઇન પ્લેટફોર્મ એટલે ડેટિંગ એપ

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

વિજ્ઞાનના વિકાસની સાથે સમાજને અનેક ફાયદાઓ થયા છે. સમાજનો વિકાસ પણ થયો છે. એજ્યુકેશનનું પ્રમાણ વધ્યું છે સાચો સાથ પ્રોડક્ટિવિટી પણ વધી છે. જેમ ફાયદાઓ છે તેમ ટેકનોલોજીની બ્લેક સાઈડ પણ છે. આવી સૌથી મોટી કોઈ બ્લેક સાઈડ હોય તો તે ડેટિંગ એપ છે. ડેટિંગ એપના પણ અનેક ફાયદાઓ છે. આ ફાયદાઓની સામે નુકસાન પણ ઓછું નથી. ડેટિંગ એપ દ્વારા છેતરપિંડીના હજારો કિસ્સાઓ રોજ નોંધાઈ રહ્યા છે તેમાંના મોટાભાગના તો બહાર આવતા નથી. આના કારણે અનેક લોકોની જિંદગી પણ બરબાદ થઈ રહી છે જેનો અંદાજ મૂકવો મુશ્કેલ છે. ડેટિંગ એપ દ્વારા થતી છેતરપિંડી આપણા ભાવનગર જેવા નાના શહેરથી માંડીને વૈશ્વિક સ્થળ સુધી માની ન શકાય તેટલા વધી રહી છે. માટે ડેટિંગ એપના વપરાશમાં સાવધાન રહેવાની ખાસ જરૂર છે. રાજકોટની એક એક યુવતીએ ડેટિંગ એપ પર એક સ્માર્ટ યુવાન પસંદગી કરી. અતિ ધનવાન અને ઈમ્પોર્ટેડ કાર ધરાવતો આ યુવાન ડેટિંગ એપ પર રાજકોટની યુવતીને મળે છે, ઓનલાઈન રિલેશન ખૂબ આગળ વધ્યું, ફોટાઓની આપ લે કરી, અનુભવોની આપ લે કરી પણ પાછળથી ખબર પડી. આ યુવક નાગર જ્ઞાતિનો નથી પણ મુસ્લિમ છે. તેનું નામ સમીર નહીં પણ સલીમ છે. અહીં આ યુવતી ડેટિંગ એપમાં આબાદ ફસાઈ ગઈ આવા તો અનેક કિસ્સાઓ બની રહ્યા છે. માત્ર જાણકારી આપવા માટે આ એક કાલ્પનિક સ્ટોરી છે. પરંતુ આ કાલ્પનિક સ્ટોરી જેવી અનેક સ્ટોરીઓ આજે સમાજમાં બની રહી છે. આની પાછળ જબરજસ્ત ષડયંત્રો પણ હોઈ શકે. આવા હજારો મામલાઓ બની રહ્યા છે. એની સામે સામાજિક જાગૃતિ એ જ સાચો ઉપાય છે. આ ડેટિંગ એપ શું છે તે જાણવું જરૂરી છે. ઘણાને ખબર નથી કે આ કઈ એપ્લિકેશન છે. ઘણા લોકો તો સુંદર સ્ત્રીઓના ફોટા જોવા માટે આવી એપ ડાઉનલોડ કરે છે અને મોહવશ થઈને આવા ફોટા ડાઉનલોડ પણ કરે છે જેની પાછળ અનેક તકલીફોને તેઓ સામે ચાલીને આમંત્રિત કરે છે. આ ડેટિંગ એપ શું છે? કયું પ્લેટફોર્મ છે? તે બહુ ઓછા લોકો જાણે છે. આ ટેકનોલોજીની વાત છે. છતાં સમયની સાથે ચાલવા માટે આ ટેકનોલોજીનું સામાન્ય જ્ઞાન પણ દરેક વ્યક્તિ પાસે હોવું જરૂરી છે. લાખો યુવા વર્ગને આ ડેટિંગ




એપનું વળગણ છે. તેમાં પણ ૧૮થી ૩૫ વય જૂથનાં લોકોની સંખ્યા બહોળા પ્રમાણમાં છે. પરંતુ વાસ્તવિકતા તો એ છે કે આ ડેટિંગ એપ તમારી અંગત માહિતીનો દુરુપયોગ પણ કરી શકે છે. ડેટિંગ એપ પર રાઈટ કે લેફ્ટ સ્વાઈપ કરી યુવાનો પોતાની એકલતા દૂર કરવા માટેનો બેસ્ટ વિકલ્પ માની તેમા રચ્યાંપચ્યાં રહે છે. પરંતુ શું તેઓ શ્યોર છે કે આ ડેટિંગ એપ તેમના માટે વિશ્વાસુ છે? કારણ કે જ્યારે પણ કોઈ યૂઝર ડેટિંગ એપ પર પોતાનું એકાઉન્ટ બનાવે ત્યારે તેમને તેમની ઘણી અંગત માહિતી પણ જણાવવાની રહે છે. તમારો મોબાઈલ નંબર, તમારું આખું નામ, ઉંમર, લિંગ, જાતિ, ઈમેલ આઈડી, ફોટા, શોખ, તમારું લાઈવ લોકેશન, પસંદ નાપસંદ, આદતો, કેવા સાથીની આશા રાખો છો આવા ઘણા પ્રશ્નોના જવાબ તેમાં આપવાના હોય છે. ટૂંકમાં તમારું આખું જીવન એ એપમાં ખુલ્લું પડે છે. અન્ય એપની સરખામણીમાં ડેટિંગ એપ તમારા જીવનમાં વધારે ઊંડાણમાં ઊતરે છે. યોગ્ય સાથી મેળવવા માટે આ એપ તમને બને એટલી વધુ માહિતી તમારી પાસેથી કઢાવે છે અને પાછું જ્યાં સુધી તમે એ એપમાં પૈસા ભરી મેમ્બરશિપ ન લો ત્યાં સુધી તમને વધારાના બેનિફિટ નથી આપતી. માટે આવી બધી ટેકનોલોજીનો ઉપયોગ કરતા પહેલા તેને વિશે જાણવું અત્યંત જરૂરી છે. દરેક એપ્લિકેશનની ટર્મ્સ એન્ડ કન્ડિશન હોય છે જે અત્યંત જીણા અક્ષરમાં અને ખૂબ જ મોટા પ્રમાણમાં હોય છે તે સામાન્ય રીતે ૧૦૦ માંથી ૯૯ લોકો વાંચતા નથી. પરિણામે તેને આ એપ કંપનીઓની ચાલાકીની ખબર પડતી નથી. પરિણામે તે આબાદ રીતે ફસાઈ જાય છે. આજની તારીખે નાના મોટા

સૌ કોઈ સ્માર્ટફોનનો ઉપયોગ કરે છે. જેને અંગ્રેજી નથી આવડતું તે પણ આવી એપ્લિકેશન ડાઉનલોડ કરીને તેનો મેક્સિમમ ઉપયોગ કરે છે કારણ કે આમાં આ લોકો અનુભવથી જ પોતાનો ફોન ઓપરેટ કરે છે તેને ટર્મ્સ-કન્ડિશનની શરતો વાંચવાનો સમય નથી અને સમય હોય તો પણ આ એપ્લિકેશનમાં રહેલી ટર્મ કન્ડિશન એવી હોય છે જે વિદ્વાન માણસોનું પણ માથું ભમી જાય એવી અટપટી હોય છે. જે ઉપયોગ કરે છે એને પણ ખબર નથી કે ડેટિંગ એપ શું છે. તો એ જાણવું જરૂરી છે આનું પ્રાથમિક જ્ઞાન તો હોવું જ જોઈએ. ડેટિંગ એટલે મોબાઈલમાં રહેલી એવી એપ જે યુવક-યુવતીઓને એકબીજાની નજીક આવવાની તક આપે, સલામત રીતે વાતચીત કરવા દે અને પછી સંબંધ આગળ ધપાવવા હોય તો બન્ને પાત્રો મોબાઈલ પડતાં મૂકીને રૂબરૂ મળે પણ ખરા. રૂબરૂ મળ્યા પછી જે કંઈ થાય એ માટે ડેટિંગ એપ જવાબદાર નથી. સ્ત્રી હોય કે પુરુષ દરેક પોતાનાં જીવનમાં એક હમસફર ઝંખતા હોય છે, જેની સાથે તે પ્રેમના બે મીઠા બોલ બોલી શકે, સુખ-દુઃખની વાતો કહી શકે અને દિવસના અંતે ઘરે જઈ પ્રેમાળ હૂંફ મેળવી શકે. આમ તો તેમના જીવનમાં મિત્રો અને પરિવાર હોય છે પણ તેમની સાથેનું શેરિંગ મર્યાદિત હોય છે. માટે પોતાના અંદરના ખાલીપાને દૂર કરવાની તીવ્રતા એટલી વધી જતી હોય છે કે તેને પૂરી કરવા આખરે ડેટિંગ એપનો સહારો લે છે. જ્યાં તેઓ એક અજાણ્યા વ્યક્તિમાં પોતાનો મનમેળ સાધવાનો પ્રયત્ન કરે છે. આજની તારીખે ડેટિંગ પાછળ ૧૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. ડેટિંગ એપ મૂળભૂત રીતે પરદેશી કન્સેપ્ટ છે. વિદેશના ઘણા કન્સેપ્ટની માફક ભારતીયોએ તેને પણ અપનાવી લીધો છે. ડેટિંગ એપની કેટલીક સુવિધાઓ ફ્રી હોય છે અને પછી વધુ સુવિધા માટે પૈસા ચૂકવવા પડે. ભારતમાં ૨૦૨૨ સુધીમાં વપરાશકર્તાઓએ ડેટિંગ એપ પાછળ ૧૦૦ કરોડ રૂપિયા જેટલો ખર્ચ કર્યો હતો. એક સર્વે મુજબ ભારતમાં ઓનલાઈન ડેટિંગ એપ સેગમેન્ટનો બિઝનેસ ૨૦૨૧માં ૪૫ કરોડ રૂપિયા હતો જે સતત વધી રહ્યો છે. આ ડેટિંગ એપનું વળગણ શહેરોમાં વધારે છે. ૭૦ ટકા કરતાં પણ વધારે લોકો બમ્બલ, ટિંડર, હિંગ જેવી ડેટિંગ એપ પર એક્ટિવ છે. હાલમાં ટિંડર યુવાઓમાં હોટ ફેવરિટ છે, બીજા નંબરે બમ્બલ છે અને એ પછી ચામેટ આવે છે. આ ડેટિંગ એપ સિવાય પણ ઘણી મેટ્રિમોનિયલ સાઈટ છે, જેનો યુવાનો ડેટિંગ એપ તરીકે ઉપયોગ કરવા લાગ્યા છે.

**હાઈ ટેકનોલોજીએ જીવનને સાવ સરળ બનાવી મૂક્યું છે સાથો સાથ અટપટું પણ બનાવી નાખ્યું છે. મોટાભાગની સામાજિક સમસ્યાઓ પણ આ ટેકનોલોજીને કારણે ઉદ્‌ભવે છે. તેમાં મુખ્ય એપ્લિકેશન ડેટિંગ એપ છે.**

## શબ્દ સંજોગ-૧૯૦૭



**આડી ચાવી :**
(૧) ગજાનન, ગણપતિ (૪)
(૪) ધીરજ, હિંમત (૧)
(૫) સ્વર્ગની સુંદરી, અપ્સરા (૨)
(૭) કોઈ સમયે, કદાચ (૨)
(૮) ઘણા દિવસનું ભૂખ્યું (૨)
(૧૧) સમુદાય, ટોળુ (૩)
(૧૩) આંખના ડોળામાંનો કાચના રસ જેવો પદાર્થ (૪)
(૧૫) ઈંટ-રોડાનો ભૂકો (૩)
(૧૭) ફાંફાં (૩)
(૧૯) ઉપયોગ, પ્રયોગ (૪)
(૨૧) વગ, ચલણ (૪)
(૨૨) દમ, કસ (૨)
(૨૩) ચળકતું (૩)
(૨૫) પહોળા મોનું એક ધાતુનું વાસણ (૩)
(૨૭) સમય, અંતર કે વિસ્તારનો ફરક (૩)
(૩૦) એક પક્ષનો અભિપ્રાય (૪ )
(૩૨) પગલું, ડગલું (૩)
(૩૪) યુનિવર્સિટીની વિદ્યાશાખાનો અધ્યક્ષ (૨)
(૩૫) વિચિત્ર, અદભૂત (૪)

**ઊભી ચાવી :**
(૧) અગાઉનાં વખતમાં (૩)
(૨) કદીય, કયારે પણ (૩)
(૩) તમોગુણ, અજ્ઞાન કે જડતા (૨)
(૬) સુંદર સ્ત્રી (૨)
(૯) વનસ્પતિ, ઓસડિયા કે તેજાનાનો કાવો (૩)
(૧૦) પ્રતિષ્ઠિત, આગેવાન (૪)
(૧૨) એક જાતનો કપાસ (૩)
(૧૪) ગાજર જેવુ એક કંદ (૪)
(૧૬) અગ્નિ ખૂણો (૩)
(૧૮) લાલસા, તૃષ્ણા (૨)
(૧૯) બંધારણીય માર્ગે રાજકીય સુધારાઓ માટે પ્રવૃત્તિ ચલાવવામાં માનતો પક્ષ (૫)
(૨૦) સ્વતંત્ર, પોતાની મેળે નભે એવું (૪)
(૨૧) એક ઓજાર (૩)
(૨૪) આરોગ્ય (૨)
(૨૬) નાનો લીમડો (૩)
(૨૮) મોટા શહેરના ભાગો ને પરામાં દોડતી ટ્રેન (૩)
(૨૯) વશીકરણ, મોહિની લગાડવી તે (૩)
(૩૧) પુત્ર, દીકરો (૨)
(૩૩) ચતુર, પ્રવીણ (૨)

## શબ્દ સંજોગ-૧૯૦૬ જવાબ

**આડી ચાવી:** (૧) મોહિની (૩) શારદા (૬) લમણું (૮) દધીચિ (૯) નીલમણિ (૧૧) સાર (૧૨) બંધક (૧૩) વાત (૧૪) અકબંધ (૧૬) રજની (૨૦) તનયા (૨૨) મમ (૨૪) રાસ (૨૫) વરખ (૨૭) જૂલાઈ (૨૮) ચાલ (૨૯) તમસ (૩૦) સર્વ.
**ઊભી ચાવી:** (૧) મોહિની (૨) નીલમ (૩) શાણું (૪) દાદર (૫) નચિકેતન (૭) મણિબંધ (૧૦) લટક (૧૧) સાકર (૧૩) વાની (૧૪) અમૃત (૧૫) બંધિયાર (૧૭) જરા (૧૮) વામ (૧૯) ભાસ (૨૧) નવલ (૨૩) મજૂસ (૨૪) રાઈસ (૨૬) ખત.

# માર્કેટયાર્ડનાં ભાવ

| રાજકોટ | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૪૦ | ૧૫૧૫ |
| ઘઉં લોકવન | ૫૮૫ | ૬૨૫ |
| ઘઉં ટુકડા | ૫૯૮ | ૬૮૦ |
| જુવાર સફેદ | ૭૧૪ | ૮૦૦ |
| જુવાર પીળી | ૪૧૦ | ૫૦૧ |
| બાજરી | ૪૦૦ | ૪૮૫ |
| તુવેર | ૧૫૦૦ | ૨૦૦૦ |
| ચણા પીળા | ૧૨૫૦ | ૧૩૧૦ |
| ચણા સફેદ | ૧૬૦૦ | ૨૬૦૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૬૭૦ |
| મગ | ૧૨૧૧ | ૧૭૦૦ |
| ચોળી | ૧૧૫૦ | ૩૦૦૦ |
| મઠ | ૧૦૦૦ | ૧૧૭૦ |
| કળથી | ૯૭૫ | ૧૨૫૦ |
| સીંગદાણા | ૧૩૮૦ | ૧૫૦૦ |
| મગફળી જાડી | ૯૨૦ | ૧૨૫૮ |
| મગફળી જીણી | ૯૪૩ | ૧૨૧૦ |
| તલી | ૨૧૦૦ | ૨૮૫૦ |
| એરંડા | ૯૬૧ | ૧૨૩૨ |
| સોયાબીન | ૭૮૪ | ૮૮૭ |
| સીંગફાડા | ૧૦૭૦ | ૧૩૩૦ |
| કાળા તલ | ૨૯૮૦ | ૪૪૦૦ |
| લસણ | ૩૯૦૦ | ૫૪૭૦ |
| ધાણા | ૧૩૯૦ | ૧૪૬૦ |
| મરચા સુકા | ૧૦૦૦ | ૨૭૦૦ |
| ધાણી | ૧૪૦૦ | ૧૫૬૦ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૭૫૧ |
| રાય | ૧૦૩૦ | ૧૨૨૦ |
| મેથી | ૧૦૪૦ | ૧૩૪૦ |
| રાયડો | ૧૦૩૦ | ૧૧૫૪ |
| રજકાનું બી | ૪૫૯૯ | ૫૫૫૧ |
| ગુવારનું બી | ૯૦૦ | ૯૫૬ |

| રાજકોટ(શાકભાજી) | | |
|---|---|---|
| લીંબુ | ૪૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૩૦૦ | ૭૦૦ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૬૭૫ |
| ટમેટા | ૬૦૦ | ૯૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૫૦૦ |
| મુળા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૨૪૦ | ૪૧૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૩૦૦ | ૬૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૩૫૦ | ૭૨૦ |
| દુધી | ૮૦ | ૧૬૦ |
| કારેલા | ૩૦૦ | ૬૦૦ |
| સરગવો | ૧૦૦૦ | ૪૦૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૬૫૦ | ૮૦૦ |
| કાકડી | ૫૦૦ | ૮૨૦ |
| ગાજર | ૪૫૦ | ૭૮૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| તુવેરસીંગ | ૬૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૩૦૦ | ૬૦૦ |
| બીટ | ૪૦૦ | ૭૦૦ |
| મેથી | ૪૦૦ | ૭૦૦ |
| વાલ | ૯૦૦ | ૧૨૫૦ |
| ડુંગળી લીલી | ૨૩૦ | ૪૨૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| ચણા લીલા | ૪૦૦ | ૯૦૦ |
| મરચા લીલા | ૩૫૦ | ૬૦૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૫૦૦૦ |
| મકાઇ લીલી | ૧૮૦ | ૩૨૦ |

| અમરેલી | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૮૩૫ | ૧૧૨૫ |
| શિંગ મોટી | ૯૦૪ | ૧૨૭૧ |
| શિંગદાણાફાડા | ૧૦૦૦ | ૧૨૮૫ |
| તલસફેદ | ૧૮૧૫ | ૨૯૬૫ |
| તલકાળા | ૩૭૩૫ | ૪૫૧૫ |
| જુવાર | ૩૮૦ | ૮૩૨ |
| ઘઉં ટુકડા | ૫૭૧ | ૭૦૯ |
| ઘઉં લોકવન | ૫૭૦ | ૬૬૩ |
| અડદ | ૧૦૬૫ | ૧૬૩૦ |
| ચણા | ૯૭૫ | ૧૨૮૦ |
| કપાસ | ૮૯૦ | ૧૫૩૧ |
| જીરૂ | ૩૭૩૦ | ૪૪૧૫ |
| ધાણા | ૧૧૬૫ | ૧૪૦૦ |
| સોયાબીન | ૬૪૦ | ૮૩૬ |
| રજકાનુ બી | ૫૧૯૦ | ૫૫૦૦ |
| મરચાલાંબા | ૮૯૦ | ૨૬૫૦ |

| અમરેલી(શાકભાજી) | | |
|---|---|---|
| બટેટા | ૩૪૦ | ૫૪૦ |
| રીંગણા | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૬૦૦ |
| કોબીઝ | ૩૦૦ | ૪૦૦ |
| ટમેટાં | ૭૦૦ | ૭૫૦ |
| ગાજર | ૮૦૦ | ૯૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૫૦૦ | ૬૫૦ |
| મુળા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલા | ૪૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૬૦૦ |
| હળદર લીલી | ૫૦૦ | ૭૦૦ |
| આદુ | ૭૦૦ | ૯૦૦ |
| કોથમીર | ૪૦૦ | ૬૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફોદીનો | ૪૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૩૦૦ | ૪૦૦ |
| બીટ | ૭૦૦ | ૮૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચાં લીલા | ૩૦૦ | ૮૦૦ |
| મરચાં લાલ | ૪૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૩૪૦ | ૫૬૦ |
| લસણ સુકુ | ૬૧૦૦ | ૬૪૦૦ |
| લીંબુ | ૫૦૦ | ૬૦૦ |
| પાલક | ૪૦૦ | ૬૦૦ |
| વાલ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| મકાઇ | ૩૦૦ | ૪૦૦ |

| જામનગર | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૫૬૦ |
| બાજરો | ૩૦૦ | ૫૭૦ |
| ઘઉં | ૫૦૦ | ૬૩૭ |
| મગ | ૮૫૦ | ૧૧૦૦ |
| અડદ | ૧૦૨૦ | ૧૫૫૫ |
| ચણા | ૭૨૦ | ૧૨૫૬ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૬૨૫ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૦૭૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૧૮ |
| રાયડો | ૯૦૦ | ૧૦૭૦ |
| લસણ | ૩૯૦૦ | ૫૫૦૦ |
| જીરૂ | ૩૨૦૦ | ૪૫૭૦ |
| અજમો | ૧૭૯૫ | ૩૪૫૦ |
| વાલ | ૧૧૦૦ | ૧૭૯૦ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૬૦૦ |
| સોયાબીન | ૫૦૦ | ૮૩૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૪૫ |
| વટાણા | ૫૦૦ | ૭૦૦ |

| ગોંડલ | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૨૦૧ | ૧૫૧૧ |
| ઘઉં લોકવન | ૫૬૦ | ૬૧૦ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૭૫૧ |
| મગફળી જીણી | ૭૩૧ | ૧૨૧૧ |
| સિંગદાણા જાડા | ૧૨૫૧ | ૧૨૫૧ |
| સિંગ ફાડીયા | ૭૦૦ | ૧૧૯૧ |
| એરંડા /એરંડી | ૧૧૨૧ | ૧૨૫૧ |
| જીરૂ | ૩૮૫૧ | ૪૮૪૧ |
| ક્લંજી | ૧૫૦૧ | ૩૮૪૧ |
| વરીયાળી | ૧૧૨૬ | ૧૧૨૬ |
| ધાણા | ૯૦૦ | ૧૬૫૧ |
| લસણ સુકું | ૨૧૯૧ | ૫૩૭૧ |
| ડુંગળી લાલ | ૧૪૧ | ૮૪૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૬૬૧ |
| મઠ | ૮૬૧ | ૯૦૧ |
| તુવેર | ૧૫૦૧ | ૧૭૧૧ |
| રાય | ૧૧૬૧ | ૧૧૬૧ |
| મેથી | ૬૭૬ | ૧૩૫૧ |
| કાંગ | ૮૦૧ | ૧૦૯૧ |
| મરચા | ૪૦૧ | ૨૯૫૧ |
| મગફળી જાડી | ૬૦૧ | ૧૨૩૬ |
| સફેદ ચણા | ૧૨૦૧ | ૨૫૦૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૬૭૧ |
| જુવાર | ૪૨૧ | ૮૦૧ |
| મકાઇ | ૪૬૧ | ૪૭૧ |
| મગ | ૧૦૦૧ | ૧૬૯૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૯૬ |
| વાલ | ૧૩૭૬ | ૧૮૫૧ |
| ચોળા / ચોળી | ૯૫૧ | ૨૫૭૬ |
| સોયાબીન | ૭૦૧ | ૯૨૧ |
| ગોગળી | ૭૫૧ | ૯૬૧ |

| બાબરા | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૬૦ | ૧૫૪૦ |
| કપાસ મીડીયમ | ૧૨૮૦ | ૧૩૫૦ |
| મગફળી | ૧૧૩૦ | ૧૨૧૦ |
| અડદ | ૧૨૧૦ | ૧૪૬૦ |
| ઘંઉ | ૫૦૭ | ૬૩૩ |
| સફેદ તલ | ૨૦૬૦ | ૨૨૪૦ |
| સફેદ તલ | ૩૦૩૦ | ૪૦૦૦ |
| જીરૂ | ૪૧૧૫ | ૪૪૭૫ |
| સોયાબીન | ૭૮૦ | ૮૦૦ |
| ચણા | ૧૧૮૫ | ૧૨૨૫ |

| સાવરકુંડલા | | |
|---|---|---|
| શીંગ-જીણી | ૯૫૧ | ૧૧૭૫ |
| શીંગ - મોટી | ૧૦૫૧ | ૧૨૧૧ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૪૦૦ |
| જીરૂ | ૪૦૫૦ | ૪૫૫૫ |
| કપાસ | ૧૪૦૫ | ૧૫૨૦ |
| ઘઉં લોકવન | ૫૭૫ | ૬૩૫ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૫૯ |
| બાજરો | ૫૦૦ | ૫૭૯ |
| અડદ | ૧૧૧૫ | ૧૨૪૦ |
| ચણા | ૧૧૭૦ | ૧૪૦૦ |
| જુવાર | ૭૯૭ | ૮૦૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૪૦ |

| ભેસાણ | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૫૩૫ |
| ઘઉં | ૫૦૦ | ૬૧૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| મગફળી | ૭૫૦ | ૧૧૦૯ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| મકાઈ | ૫૨૦ | ૫૨૦ |
| શિગફાડા | ૯૦૦ | ૧૦૫૦ |

| લીલીયા મોટા | | |
|---|---|---|
| કપાસ | ૧૨૯૫ | ૧૫૦૬ |
| કપાસ સી ગ્રેડ | ૫૦૧ | ૫૦૧ |

| ખાંભા | | |
|---|---|---|
| કપાસ | ૧૪૦૫ | ૧૪૮૨ |
| મગફળી | ૯૦૦ | ૧૧૧૫ |
| જુવાર | ૬૦૦ | ૭૬૫ |
| સોયાબીન | ૭૦૦ | ૭૧૫ |
| ઘઉં | ૬૦૨ | ૬૦૨ |

| ધારી | | |
|---|---|---|
| કપાસ | ૧૨૪૫ | ૧૫૦૧ |
| મગફળી | ૭૭૫ | ૧૧૭૬ |
| ઘઉં | ૫૫૦ | ૫૮૩ |
| ચણા | ૮૦૫ | ૧૨૪૮ |
| ધાણા | ૧૨૪૦ | ૧૫૦૦ |
| છોલે ચણા | ૧૮૭૬ | ૧૮૭૬ |
| સોયાબીન | ૬૧૧ | ૮૧૦ |

| કોડીનાર | | |
|---|---|---|
| બાજરી | ૫૦૦ | ૫૯૫ |
| ઘઉં | ૫૨૫ | ૬૪૫ |
| સોયાબીન | ૭૬૦ | ૮૪૨ |
| જુવાર | ૭૦૦ | ૮૨૫ |
| અડદ | ૧૧૦૦ | ૧૬૦૦ |
| ચણા | ૧૩૦૦ | ૧૫૫૦ |
| રજકો | ૩૫૦૦ | ૫૫૦૦ |

| રાજુલા | | |
|---|---|---|
| શીંગ | ૮૦૦ | ૧૧૪૧ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૩૧૨ |
| કપાસ | ૧૩૫૦ | ૧૫૦૦ |
| બાજરો | ૪૮૫ | ૬૩૨ |
| ઘઉં ટુકડા | ૫૫૫ | ૬૭૨ |
| મગ | ૨૯૦૦ | ૩૪૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૫૫૦ |
| સોયાબીન | ૭૭૧ | ૮૨૫ |
| જુવાર | ૪૭૧ | ૮૪૦ |

| બગસરા | | |
|---|---|---|
| કપાસ | ૧૨૫૦ | ૧૫૩૮ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૮૮ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૮૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૫૦૦ | ૮૧૬ |
| મગફળી | ૭૦૦ | ૯૭૦ |
| ચણા | ૯૦૦ | ૧૨૯૫ |
| ચણા સફેદ | ૧૦૯૫ | ૧૨૦૫ |
| ધાણા | ૧૧૦૦ | ૧૩૮૫ |
| મગ | ૧૨૨૬ | ૧૨૨૬ |
| શીંગદાણા | ૧૧૫૦ | ૧૨૫૦ |
| લસણ | ૩૫૦૦ | ૩૫૦૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૨૭૦ |
| મેથી | ૧૦૨૦ | ૧૦૨૦ |
| મકાઈ | ૫૫૪ | ૫૫૪ |
| એરંડી | ૧૧૬૫ | ૧૧૬૫ |
| રજકાબી | ૫૪૩૦ | ૫૪૩૦ |

| મહુવા | | |
|---|---|---|
| શીંગ ૬૬ | ૧૧૪૨ | ૧૧૪૨ |
| શીંગ ૩૨ | ૯૦૦ | ૧૦૨૮ |
| શીંગ ૩૯ | ૯૩૩ | ૧૧૨૩ |
| બાજરી | ૪૪૪ | ૭૭૦ |
| ઘંઉ ટુકડા | ૫૭૯ | ૬૩૧ |
| અડદ | ૧૦૨૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૭૮૩ | ૮૨૭ |
| ચણા | ૯૫૧ | ૧૨૩૨ |
| જીરૂ | ૪૨૨૫ | ૫૦૦૧ |
| તલ સફેદ | ૧૬૫૦ | ૨૨૯૦ |
| ડુંગળી લાલ | ૨૦૦ | ૮૦૮ |
| ડુંગળી જુની | ૩૫૦ | ૧૦૧૫ |
| ડુંગળી સફેદ | ૩૦૦ | ૮૫૧ |
| કપાસ શંકર | ૧૪૦૦ | ૧૪૫૮ |
| નાળીયેર | ૫૭૦ | ૨૫૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# પૂર્વ અમરેલી જિલ્લા પોલીસ વડા નિરજા ગોટરૂ ગુજરાત પોલીસ ભરતી બોર્ડના ચેરમેન બન્યા

**રાજયના વિવિધ સ્થળોએ ફરજ નિભાવી ચુક્યા છે આઈપીએસ ગોટરૂ**



ગાંધીનગર,તા.૨૮

ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (GPSC)ના ચેરમેન તરીકેની વરણી થતાં IPS અધિકારી હસમુખ પટેલે પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યું હતું. હવે તેમના સ્થાને વર્ષ ૧૯૯૩ની બેચના આઈપીએસ નીરજા ગોટરૂની નિમણૂંક કરાઈ છે. વર્ષ ૧૯૯૩ની બેચના IPS અધિકારી નીરજા ગોટરૂને એડીશનલ ડીજીપી તાલીમ ગાંધીનગર ખાતે નિમણૂંક આપવામાં આવી હતી. નોંધનીય છે કે, IPS અધિકારી નીરજા ગોટરૂ અમરેલી જિલ્લા પોલીસ વડા તરીકે તેમજ અમદાવાદમાં ટ્રાફિક વિભાગમાં પણ ઉચ્ચ અધિકારી તરીકે ફરજ બજાવી ચૂક્યા છે. ઉલ્લેખનીય છે કે, IPS અધિકારી હસમુખ પટેલના ચેરમેન પદેથી રાજીનામાથી રાજ્ય સરકાર દ્વારા પોલીસ ભરતીની શારીરિક પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. પહેલાં ૨૫મી નવેમ્બરના દિવસે પોલીસ ભરતી માટેની શારીરિક પરીક્ષા યોજાવાની હતી. જોકે, હવે આ પરીક્ષા નવેમ્બરના બદલે ડિસેમ્બરમાં યોજવામાં આવશે.

# અમદાવાદમાં ઓસ્ટ્રેલિયાની નકલી ચલણી નોટ છાપવાની ફેકટરી ઝડપાઈ


**પોલીસે ૧૧.૯૨ લાખના મુદ્દામાલ સાથે ચાર આરોપીને ઝડપ્યા**



અમદાવાદ,તા.૨૮

અમદાવાદમાંથી ઓસ્ટ્રેલિયાની નકલી ચલણી નોટ છાપવાની ફેક્ટરી ઝડપાઈ છે. અમદાવાદ શહેરના વટવા GIDCમાં આવેલી ફેક્ટરીમાં નકલી ઓસ્ટ્રેલિયન ડોલર છાપવામાં આવતા હતા. આરોપીઓ છાપેલી નોટોને બજારમાં વટાવવાની ફિરાકમાં હતા. આ પહેલા જ ફેક્ટરી પર અમદાવાદ સિટી પોલીસના SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ)ની ટીમે દરોડા પાડ્યા હતા. આ દરમિયાન સમગ્ર રેકેટનો પર્દાફાશ થયો છે. SOGની ટીમે ચાર આરોપીઓની ધરપકડ કરી છે. આ સાથે ફેક્ટરીમાંથી નકલી ચલણી નોટ, અત્યાધુનિક પ્રિન્ટિંગ મશીન અને ૧૧.૯૨ લાખની કિંમતનો કાચો મુદ્દામાલ પણ જપ્ત કરવામાં આવ્યો છે. SOGની ટીમ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. SOG ટીમે ચાર આરોપીઓને ઝડપી પાડ્યા છે. જેમાં રોનક ઉર્ફે મીત ચેતન રાઠોડ (૨૪), ખુશ અશોકભાઈ પટેલ (૨૪), મૌલિક શંકરભાઈ પટેલ (૩૬) અને ધ્રુવ હિમાંશુભાઈ દેસાઈ (૨૦)ની ધરપકડ કરી હતી. મુખ્ય આરોપી મૌલિક પટેલ જે ઓસ્ટ્રેલિયાનો સિટીઝન છે.

# યુવતીના મંગેતરે પ્રેમીની હત્યા કરી દેતા પ્રેમિકાએ પણ ગળાફાંસો ખાધો



ભાવનગર,તા.૨૮

પ્રેમસંબંધે બે જીવ લીધા હતા. બોટાદમાં એક પ્રેમસબંધના કારણે યુવક અને યુવતીએ જીવ ખોવાની વારો આવ્યો હતો. ત્યારે આ ઘટનાને લઈ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. બોટાદમાં પ્રેમીની હત્યા બાદ પ્રેમિકાએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. જેમાં આરતી કાવેઠીયાએ પ્રેમીની હત્યાના પાંચ દિવસ બાદ પોતાના ઘરે આપઘાત કર્યો. ગત ૨૨ નવેમ્બરે ઢાકણીયા રોડ પર બીજલ ઉર્ફે હિતેશ મહેરીયાની પ્રેમિકાના મંગેતર રોહિત ભોજૈયાએ હત્યા કરી હતી. થોડા દિવસ અગાઉ આરોપી રોહિત ભોજૈયાની બોટાદના આરતીબેન કાવેઠીયા સાથે સગાઈ થઈ હતી. મળતી માહિતી મુજબ મૃતક બીજલ ઉર્ફે હિતેશને આરતીબેન કાવેઠીયા સાથે પ્રેમસંબંધ હતો. જે બાદ યુવતીના લગ્ન અન્ય યુવક સાથે નક્કી કરવામાં આવ્યા હતા. જે બાદ સગપણ કરાયેલ યુવકે પ્રેમી યુવકની ૨૨ નવેમ્બરે હત્યા કરી હતી. જે બાદ થોડા દિવસ પછી યુવતીએ પણ અપઘાત કરી લેતા ગામમાં શોકનો માહોલ ફેલાયો છે.

# યુકેના લેસ્ટરમાં ધામધૂમથી ઉજવાયા તુલસી વિવાહ

લેસ્ટર,તા.૨૮





યુનાઈટેડ કિંગડમમાં લેસ્ટર ખાતે ગત રવિવારે તુલસી વિવાહ સમારોહનું આયોજન કરવામાં આવ્યું. આ સમારોહ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓના સંરક્ષણનું એક શાનદાર ઉદાહરણ બન્યો. મૂળ ગામ મોટા કણકોટના આશિષભાઈ રાણપરીયાએ તુલસીજીનું પૂજન કર્યું, જ્યારે ગામ ચાંપાથળના હિમાંશુભાઈ પટેલે ઠાકોરજીના પક્ષનું પ્રતિનિધિત્વ કર્યું. શનિવાર, તા. ૨૩ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ મંડપ મુહૂર્ત, મહેંદી, લગ્ન ગીતો અને રાસ-ગરબાનો કાર્યક્રમ યોજાયો. રવિવારે, તા. ૨૪ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ લંડનથી ૩૦-૩૫ કાર વાહનોમાં ઠાકોરજીને લઈને લેસ્ટર સ્વામિનારાયણ મંદિર ખાતે તુલસી-ઠાકોરજીનો વૈદિક પ્રક્રિયા મુજબ વિવાહ સમારોહ સંપન્ન કરવામાં આવ્યો. ૨૦૦-૩૦૦ જેટલા સાંસ્કૃતિક પ્રેમીઓની હાજરીમાં યોજાયેલ આ સમારોહમાં મુખ્યત્વે લંડન, મિલ્ટન કીન્સ, કોવેન્ટ્રી, હેમલ હેમ્પસ્ટેડ, લેસ્ટર વિસ્તારના ભારતીય મૂળના લોકો ઉત્સાહભેર ભાગ લઈ શ્રી ઠાકોરજી-તુલસીજી વિવાહની પરંપરાને જીવંત રાખી.

# સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત દ્વારા 'વિચારોનું વાવેતર' કાર્યક્રમ યોજાયો




સુરત,તા.૨૮

માણસ જીવનના અંત સુધી નવું શિખતો હોય છે, બદલાતો હોય છે. બદલાતા સમય સાથે જીવનની દિશા આપવા શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી દર ગુરૂવારે હેલ્થ, વેલ્થ અને હેપ્પીનેસને કેન્દ્રમાં રાખી વિચારોનું વાવેતર કરવામાં આવે છે. ૨૮ નવેમ્બરે વરાછા બેંક ઓડિટોરીયમ ખાતે ૮૭મા 'થર્સ-ડે થોટ્સ' કાર્યક્રમનું આયોજન થયું હતું. તેમાં પ્રમુખ કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે, અંધકારને દુર કરવા દિવડો પ્રગટાવીએ છીએ. તે જ રીતે અજ્ઞાનને દુર કરવા શિક્ષણ એક દિવડો છે. શિક્ષણ એટલે માત્ર અક્ષરજ્ઞાન નહિ પરંતુ નવું શિખવું, જાણવું, સમજવું અને બોધપાઠ પણ મેળવી જીવનમાં આગળ વધવું તે શિક્ષણ છે, તે કેળવણી છે. માણસના જીવનમાં પ્રગતિ અને સુખાકારીનો આધાર શિક્ષણ છે.

# શ્રી વિહળ ઈન્ટરનેશનલ વિદ્યાપીઠ દ્વારા માતૃભાષા સંવર્ધન સેમિનાર યોજાયો



અમરેલી, તા.૨૮

કવિ શ્રી બોટાદકરની જન્મ જયંતીના દિવસે શ્રી વિહળ ઈન્ટરનેશનલ વિદ્યાપીઠમાં પરમ પૂજ્ય શ્રી શ્રી ૧૦૦૮ નિર્મળાબાના આશીર્વાદથી તથા પરમ પૂજ્ય ભયલુબાપુની પ્રેરણાથી માતૃભાષા સંવર્ધન સેમિનાર યોજાયો હતો. ટ્રસ્ટી અરવિંદભાઈ ચાંદપરા, ટ્રસ્ટી મહાવીરભાઈ ખાચર અને જાણીતા ઈનોવેટેડ શિક્ષક પ્રવીણભાઈ ખાચરની ઉપસ્થિતિમાં ગુજરાતી ભાષા શિક્ષણના જાણીતા તજજ્ઞ ઉમાકાંત રાજયગુરુએ ભાષા સજ્જતા અંગે વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો માટે જોડણી અને વ્યાકરણ અનુસંધાને પાયાના શાસ્ત્રીય નિયમોની ઉદાહરણ સાથે સમજ આપી હતી. શિક્ષકોને સજ્જતા માટે અધ્યાપનના ઉત્તમ કૌશલ્યો કેવી રીતે કેળવવા તે સંદર્ભે ઊંડાણપૂર્વકનું જ્ઞાન આપ્યું હતું.

## -//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૧૨૫/૨૦૨૪

**અરજદાર :-** શ્રી બીપીનભાઈ ભીખુભાઈ સાવલીયા
રહે. ૨૯/૬, મોહનબાગ, લીલીયા ફાટક પાસે,
લીલીયારોડ, અમરેલી તા. જિ.અમરેલી તા.જિ.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.સાજીયાવદર, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સાજીયાવદર ગામના બીપીનભાઈ ભીખુભાઈ સાવલીયા તેઓના ભાઈ અતુલભાઈ રવજીભાઈ જીયાણીની જન્મ તા. ૧૧/૦૬/૧૯૬૯ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૮/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## -//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૧૧૬/૨૦૨૪

**અરજદાર :-** શ્રી ગોકળભાઈ રવજીભાઈ દેસાઈ
રહે. પીઠવાજાળ તા. જિ.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.પીઠવાજાળ, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના પીઠવાજાળગામના ગોકળભાઈ રવજીભાઈ દેસાઈ તેઓના બહેન કંચનબેન રવજીભાઈ દેસાઈની જન્મ તા. ૦૧/૦૭/૧૯૬૩ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૮/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## -//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૧૨૪/૨૦૨૪

**અરજદાર :-** શ્રી ડાભી નાથાભાઈ શામજીભાઈ
રહે. સોનારીયા તા. જિ.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.સોનારીયા, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સોનારીયા ગામના ડાભી નાથાભાઈ શામજીભાઈ તેઓના પુત્ર હિંમતભાઈ નાથાભાઈ ડાભીની જન્મ તા.૧૯/૦૨/૧૯૯૪ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૮/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

# ધોરાજીમાં આંગણવાડી કર્મી બહેનો દ્વારા પગાર વધારા મુદ્દે આવેદનપત્ર



ધોરાજી, તા.૨૮

ધોરાજી ખાતે આંગણવાડીમાં ફરજ બજાવતા બહેનો દ્વારા ધોરાજી પ્રાંત અધિકારીને પડતર માગણીઓ અંતર્ગત આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આંગણવાડીના બહેનોએ પગાર વધારવા સંદર્ભે પ્રાંત અધિકારી સમક્ષ પોતાની માગણી વ્યક્ત કરી અને લેખિત સ્વરૂપે આવેદનપત્ર પાઠવ્યું હતું.

## -//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૧૧૦/૨૦૨૪

**અરજદાર :-** શ્રી વનરાજભાઈ રામભાઈ કોઠીવાળ
રહે. નાના માચીયાળા તા.જિ.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.નાના માચીયાળા, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના નાના માચીયાળા ગામના વનરાજભાઈ રામભાઈ કોઠીવાળ તેઓના પુત્ર ઉદયરાજભાઈ વનરાજભાઈ કોઠીવાળની જન્મ (તા.૧૨/૦૫/૧૯૯૧) રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૮/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## -//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૧૦૮/૨૦૨૪

**અરજદાર :-** શ્રી કનુભાઈ ઉકાભાઈ કોઠીવાળ
રહે. નાના માચીયાળા તા.જિ.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.નાના માચીયાળા, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના નાના માચીયાળા ગામના કનુભાઈ ઉકાભાઈ કોઠીવાળ તેઓના ભત્રીજા બાવકુભાઈ રામભાઈ કોઠીવાળની જન્મ (તા.૦૧/૦૬/૧૯૭૧) રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૮/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## -//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૧૧૧/૨૦૨૪

**અરજદાર :-** શ્રી કનુભાઈ ઉકાભાઈ કોઠીવાળ
રહે. નાના માચીયાળા તા.જિ.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.નાના માચીયાળા, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના નાના માચીયાળા ગામના કનુભાઈ ઉકાભાઈ કોઠીવાળ તેઓના ભત્રીજા વનરાજભાઈ રામભાઈ કોઠીવાળની જન્મ (તા.૦૧/૦૬/૧૯૬૫) રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૮/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## -//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૧૦૯/૨૦૨૪

**અરજદાર :-** શ્રી બાવકુભાઈ રામભાઈ કોઠીવાળ
રહે. નાના માચીયાળા તા.જિ.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.નાના માચીયાળા, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના નાના માચીયાળા ગામના બાવકુભાઈ રામભાઈ કોઠીવાળ તેઓના પુત્ર આલેખભાઈ બાવકુભાઈ કોઠીવાળની જન્મ (તા.૨૬/૦૮/૨૦૦૧) રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૮/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

# ઈસ્કોન પર પ્રતિબંધ મૂકવાનો બાંગ્લાદેશ કોર્ટે કર્યો ઈનકાર

(એચ.એસ.એલ),ઢાકા,તા.૨૮

બાંગ્લાદેશમાં હાઈકોર્ટે ઈસ્કોન પર પ્રતિબંધ મૂકવાનો ઈન્કાર કરી દીધો છે. કોર્ટે ગુરુવારે ઈસ્કોનની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકતો સુઓમોટો આદેશ પસાર કરવાનો ઈનકાર કર્યો હતો. સુપ્રીમ કોર્ટના વકીલ મોહમ્મદ મોઈનુદ્દીને બુધવારે કોર્ટમાં ઈન્ટરનેશનલ સોસાયટી ફોર ક્રિષ્ના કોન્શિયસનેસ (ઈસ્કોન) વિશે અલગ અલગ અખબારોના અહેવાલો રજૂ કર્યા હતા. આ અહેવાલોમાં, કથિત રીતે ઈસ્કોન સાથે સંકળાયેલા લોકો પર હિંસા ભડકાવવાનો અને ચિટાગોંગમાં વકીલ સૈફુલ ઈસ્લામની હત્યામાં સામેલ હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આના આધારે મૈનુદ્દીને કોર્ટને ઈસ્કોન પર પ્રતિબંધનો સુઓમોટો (સ્વૈચ્છિક) આદેશ આપવા વિનંતી કરી હતી.

બાંગ્લાદેશી અખબાર ધ ડેઈલી સ્ટાર અનુસાર, અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે ઈસ્કોન સાંપ્રદાયિક હિંસા ભડકાવવા, પરંપરાગત હિન્દુ સમુદાયો પર તેની માન્યતાઓ થોપવા અને પછાત હિન્દુ જાતિના સભ્યોની બળજબરીથી ભરતી કરવાના હેતુથી ધાર્મિક કાર્યક્રમોને પ્રોત્સાહન આપી રહી છે. ગુરુવારે કોર્ટમાં આ અંગે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન એટર્ની જનરલની ઓફિસે જસ્ટિસ ફરાહ મહેબૂબ અને દેબાશિષ રોય ચૌધરીની બેંચને કહ્યું કે સરકાર આ અંગે તમામ જરૂરી પગલાં લઈ રહી છે. કોર્ટે ઈસ્કોન પર પ્રતિબંધ મૂકવાનો ઈન્કાર કર્યો છે અને સરકારને લોકોની



સુરક્ષા સુનિશ્ચિત કરવા જણાવ્યું છે. બાંગ્લાદેશમાં હિંદુ સમુદાયના અગ્રણી ધાર્મિક વ્યક્તિ અને ઈસ્કોન મંદિર સાથે સંકળાયેલા ચિન્મય કૃષ્ણ દાસની રાજદ્રોહના આરોપમાં ધરપકડ બાદ તણાવ છે. દાસને જેલમાં મોકલવામાં આવ્યા બાદ ફાટી નીકળેલી હિંસામાં ચિટાગોંગમાં વકીલ સૈફુલ ઈસ્લામનો જીવ ગયો હતો. આ માટે ઘણા લોકોએ ઈસ્કોન પર આંગળી ચીંધી છે. હિંસા બાદ જ કોર્ટમાં ઈસ્કોન પર પ્રતિબંધની અરજી પણ આપવામાં આવી હતી. બાંગ્લાદેશ સરકારે પણ કોર્ટમાં ઈસ્કોનને 'કટ્ટરવાદી સંગઠન' ગણાવ્યું છે. બાંગ્લાદેશમાં દાસની ધરપકડ બાદ થઈ રહેલા વિરોધ પ્રદર્શનોમાં પણ હિંસાનો સમયગાળો જોવા મળ્યો છે. દાસના સમર્થકો દ્વારા પ્રદર્શન બાદ હિંસાના અહેવાલો છે. લઘુમતી હિન્દુઓ પર હુમલાના અહેવાલો પણ આવ્યા છે. ઈસ્કોન સાથે જોડાયેલા આ વિવાદ બાદ બાંગ્લાદેશના ઘણા શહેરોમાં હિન્દુ મંદિરો પર હુમલાના અહેવાલો છે. ઈન્ટરનેશનલ સોસાયટી ફોર કૃષ્ણ કોન્શિયસનેસની શરૂઆત સ્વામી પ્રભુપાદ દ્વારા જુલાઈ ૧૯૬૬માં અમેરિકાના ન્યુયોર્ક શહેરમાં કરવામાં આવી હતી. વિશ્વમાં તેના એક હજારથી વધુ મંદિરો છે. એકલા ભારતમાં તેના ૪૦૦ કેન્દ્રો છે. ઈસ્કોન મંદિરો પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અન્ય એશિયાઈ દેશોમાં પણ બનેલા છે. દરમિયાન બાંગ્લાદેશમાં અલ્પસંખ્યકો પરના હુમલાની નિંદા કરતા, ઘણા હિંદુ અમેરિકન જૂથોએ માંગ કરી છે કે દક્ષિણ એશિયાઈ દેશને યુએસ સહાય એ લઘુમતી સમુદાયના રક્ષણ માટે સરકાર દ્વારા નક્કર પગલાં લેવા પર શરતી હોવી જોઈએ. બાંગ્લાદેશના લઘુમતી હિંદુઓ દેશની ૧૭ કરોડની વસ્તીમાં માત્ર આઠ ટકા છે. ૫ ઓગસ્ટે શેખ હસીનાની અવામી લીગ સરકારના પતન પછી દેશના ૫૦ થી વધુ જિલ્લાઓમાં લઘુમતી હિંદુ વસ્તીએ ૨૦૦ થી વધુ હુમલાઓનો સામનો કરવો પડ્યો છે.

## ચૂંટણીમાં હાર બાદ ઉદ્ધવ ઠાકરે પર ગઠબંધન છોડવાનું દબાણ

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૮

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં કારમી હાર બાદ મહાવિકાસ અઘાડીમાં ભાગલા પડવાની દહેશત છે. ઉદ્ધવ ઠાકરેની શિવસેના (યુબીટી) આગામી મ્યુનિસિપલ કોર્પોરેશન અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી એકલા હાથે લડી શકે છે. ઉદ્ધવ ઠાકરે ટૂંક સમયમાં મહાવિકાસ આઘાડી છોડવાનો નિર્ણય લઈ શકે છે. શિવસેના યુબીટી પાર્ટી એમવીએ છોડવા પર ચર્ચા શરૂ થઈ ગઈ છે. ઉદ્ધવ ઠાકરે જૂથના એક નેતાએ કહ્યું છે કે તે નગરપાલિકાની ચૂંટણી અલગથી લડવાનું વિચારી રહ્યા છે. શિવસેના ભવિષ્યમાં તમામ ચૂંટણી એકલા હાથે લડી શકે છે. પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ નાના પટોલેએ ગઈકાલે શિવસેના ઉદ્ધવના સ્ટેન્ડ પર બોલવાનો ઈનકાર કર્યો હતો, જ્યારે બાળાસાહેબ થોરાટ અને વિજય વડેટ્ટીવારે કહ્યું હતું કે તમામ પક્ષોને અલગથી લડવાનો અધિકાર છે. આ માટે પક્ષો પોતાનું સ્ટેન્ડ બદલી શકે છે. શિવસેના યુબીટી આગામી મ્યુનિસિપલ કોર્પોરેશન અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી એકલા હાથે લડવાની તૈયારી કરી રહી છે.

## અજમેર દરગાહ શિવ મંદિર હોવાનો હિન્દુ સંગઠનનો દાવો, દરગાહનો સર્વે કરવાની માંગ કોર્ટે સ્વીકારી

(એચ.એસ.એલ),લખનૌ,તા.૨૮

ઉત્તર પ્રદેશના સંભલમાં એક મસ્જિદના સર્વેને લઈને હિંસાનો મામલો હજુ શાંત થયો નથી અને હવે અજમેરમાં એક મસ્જિદના સર્વેને લઈને લડાઈ ફાટી નીકળી છે. અજમેરના ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીની દરગાહના સર્વેની માંગ સામે મુસ્લિમ સંગઠનોએ વાંધો વ્યક્ત કર્યો છે. કોર્ટે આ કેસમાં હિન્દુ પક્ષની અરજી સ્વીકારી લીધી છે. હિન્દુ પક્ષનો દાવો છે કે અજમેર દરગાહ વાસ્તવમાં ત્યાંનું શિવ મંદિર હતું. મંદિર તોડીને ત્યાં દરગાહ બનાવવામાં



આવી. મંદિરની નજીક એક તળાવ હતું, જે આજે પણ છે. આ મામલે હિન્દુ સંગઠન દ્વારા હર વિલાસ શારદાના પુસ્તકને ટાંકવામાં આવ્યું છે.

તમને જણાવી દઈએ કે અજમેર કોર્ટે આ મામલે તમામ પક્ષકારોને નોટિસ મોકલી છે. હિન્દુ પક્ષ તરફથી અરજીમાં દરગાહના સર્વેની માંગ કરવામાં આવી છે. અરજીમાં દરગાહની અંદર પૂજા કરવા દેવાની માંગ કરવામાં આવી છે. અજમેર કોર્ટે હિન્દુ પક્ષની અરજી સ્વીકારી લીધી છે, એટલે કે કોર્ટે સ્વીકાર્યું છે કે અરજી સાંભળવા લાયક છે. હિન્દુ પક્ષનો દાવો છે કે ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીની દરગાહ પહેલા સંકટ મોચન મહાદેવનું મંદિર હતું, જેને ૮૦૦ વર્ષ પહેલા તોડીને દરગાહ બનાવવામાં આવી હતી.

## સંભલ હિંસામાં તોફાનીઓએ ૪૧ રાઉન્ડ ગોળી ચલાવી હોવાનો ખુલાસો

(એચ.એસ.એલ),લખનૌ,તા.૨૮

યુપીના સંભલમાં થયેલી હિંસામાં તોફાનીઓએ ૪૧ રાઉન્ડ ગોળી ચલાવી હતી જયારે યુપી પોલીસની ફોરેન્સિક ટીમે ખાલી કારતુસ કબજે કર્યા છે. આ દરમિયાન ૧૨ બોરની પિસ્તોલના ૨૧ શેલ, ૩૨ બોરની પિસ્તોલના ૧૧ શેલ અને ૩૧૫ બોરની પિસ્તોલના ૯ શેલ મળી આવ્યા હતા. આ સાથે પોલીસે આરોપીઓ પાસેથી પિસ્તોલ પણ મળી આવી છે.


હાલમાં જ પોલીસે આ હિંસા કેસમાં અન્ય આરોપી ફરહતની ધરપકડ કરી હતી. આને મોટી ધરપકડ માનવામાં આવે છે કારણ કે રમખાણો બાદ તેણે એક વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો હતો, જેમાં તેણે હિન્દુઓને મારવાનું કહ્યું હતું. તમને જણાવી દઈએ કે સંભલમાં જામા મસ્જિદના સર્વે દરમિયાન હિંસા ફાટી નીકળી હતી. આ હિંસામાં ચાર લોકો માર્યા ગયા હતા જ્યારે ડેપ્યુટી ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ સહિત ઓછામાં ઓછા ૨૫ લોકો ઘાયલ થયા હતા.

## ગૃહમાં ધમાલ બાબતે 'ઈન્ડિયા' ગઠબંધનમાં અણબનાવ, ટીએમસીએ કોંગ્રેસને ફટકાર લગાવી

નવીદિલ્હી,તા.૨૮

સંસદમાં વિપક્ષી એકતામાં ભંગાણ જોવા મળી રહ્યું છે. તૃણમૂલ કોંગ્રેસે કહ્યું છે કે તે સંસદના શિયાળુ સત્રમાં જાહેર મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે. પાર્ટીએ કહ્યું છે કે તે નથી ઈચ્છતી કે સંસદનું ધ્યાન માત્ર અદાણી ગ્રુપના મુદ્દા પર જ રહે. તૃણમૂલ કોંગ્રેસના નેતા કાકોલી ઘોષ દસ્તીદારે બુધવારે આ વાત કરી હતી. તૃણમૂલની રણનીતિમાં આ





ફેરફાર કોંગ્રેસ માટે મોટો ફટકો છે. જે માત્ર અદાણી ગ્રુપ સામે આક્ષેપોના નામે સંસદને સ્થગિત કરવા માંગે છે. તૃણમૂલ કોંગ્રેસે કહ્યું છે કે તે હવે જાહેર મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે. તૃણમૂલે મણિપુરની સ્થિતિ, પશ્ચિમ બંગાળ સાથે કેન્દ્રીય યોજનાઓના બજેટમાં ભેદભાવ અને અપરાજિતા મહિલા અને ચિલ્ડ્રન બિલ, ૨૦૨૪ને મંજૂર કરવામાં વિલંબનો સમાવેશ કરવા માટે ધ્યાન આપવાનું કહ્યું છે. અપરાજિતા વુમન એન્ડ ચિલ્ડ્રન બિલ, ૨૦૨૪ પશ્ચિમ બંગાળના રાજ્યપાલ દ્વારા રાષ્ટ્રપતિને મંજૂરી માટે મોકલવામાં આવ્યું છે. સોમવારે મળેલી તૃણમૂલ કોંગ્રેસની કાર્યકારી સમિતિની બેઠકમાં સંસદના શિયાળુ સત્રમાં ઉઠાવવામાં આવનાર મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

## શિંદે મહેસૂલ, કૃષિ, આરોગ્ય, ગ્રામીણ વિકાસ, ઉદ્યોગ, સામાજિક ન્યાય જેવા મોટા મંત્રાલયોની માંગ કરશે

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૮

સૂત્રોના હવાલાથી મહારાષ્ટ્રને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે. એકનાથ શિંદે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી બની શકે છે. તે શહેરી વિકાસ મંત્રાલય અથવા પીડબલ્યુડી પોતાની પાસે રાખી શકે છે. તેમના પાર્ટી ક્વોટામાં શિંદે મહેસૂલ, કૃષિ, આરોગ્ય, ગ્રામીણ વિકાસ, ઉદ્યોગ, સામાજિક ન્યાય જેવા મોટા મંત્રાલયોની



માંગ કરશે. તેઓ કેન્દ્રમાં કેબિનેટ અને રાજ્ય મંત્રીના પદની માંગ કરી શકે છે. જ્યારે પણ કેન્દ્રીય મંત્રીમંડળનું વિસ્તરણ થશે ત્યારે શ્રીકાંત શિંદેને કેન્દ્રીય મંત્રીમંડળમાં સ્થાન આપવામાં આવી શકે છે. શિંદે શિવસેનાના અન્ય કોઈ નેતાને પણ મંત્રી બનાવી શકે છે. શિંદેની નજીકના લોકોનું માનવું છે કે જો તેઓ નાયબ મુખ્યપ્રધાન પદ અને તેમની પાર્ટી માટે ભારે વજનનો પોર્ટફોલિયો લે છે, તો તે મહારાષ્ટ્રમાં પાર્ટીને મજબૂત કરવા માટે ફાયદાકારક રહેશે. મહારાષ્ટ્રમાં ૨૦૨૫ના શરૂઆતના મહિનામાં મુંબઈ, નવી મુંબઈ, પનવેલ, થાણે, પુણે, ઔરંગાબાદ, સોલાપુર, કોલ્હાપુર જેવી બે ડઝન મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં ચૂંટણી યોજાશે, ઉપરાંત, શિંદે તેમના પક્ષના હિત માટે દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર જેવા શક્તિશાળી નેતાઓ સાથે વાત કરવા માટે હંમેશા ઉપલબ્ધ રહેશે અને તેમના પક્ષને સંપૂર્ણ અધિકારો સાથે ન્યાય મેળવવા માટે સક્ષમ હશે.

## જેએમએમ નેતા હેમંત સોરેન ચોથી વખત ઝારખંડના નાથ

રાંચી,તા.૨૮

જેએમએમ નેતા હેમંત સોરેન ચોથી વખત ઝારખંડના CM બન્યા છે. ગુરુવારે રાંચીના મોરહાબાદી ગ્રાઉન્ડમાં રાજ્યપાલ સંતોષ ગંગવારે તેમને શપથ લેવડાવ્યા હતા. કેબિનેટનું વિસ્તરણ હવે પછી કરવામાં આવશે. આ સમારોહમાં ભારતની ૧૦ પાર્ટીઓના ૧૮ મોટા નેતાઓએ હાજરી આપી હતી. જેમાં રાહુલ



ગાંધી, પં. બંગાળના મમતા બેનર્જી અને સપા પ્રમુખ અખિલેશ યાદવ અને તેજસ્વી યાદવ હાજર રહ્યા હતા. બપોરે ૩ વાગ્યે હેમંત સોરેન તેમના પિતા શિબુ સોરેનનો હાથ પકડીને કાર્યક્રમના સ્થળે લઈ ગયા. શપથ લેતા પહેલા હેમંતે કહ્યું, 'આજનો દિવસ ઐતિહાસિક દિવસ હશે. આપણી એકતા એ આપણું સૌથી મોટું શસ્ત્ર છે. આપણે ન તો વિભાજિત થઈ શકીએ કે ન તો ખુશ થઈ શકીએ. અમે ઝારખંડી છીએ, અને ઝારખંડીઓ નમતા નથી.

## કસાઈ બોયફ્રેન્ડે પહેલા શારીરિક સંબંધ બાંધ્યા અને પછી ગર્લફ્રેન્ડના ૫૦ ટુકડા કર્યા

(એચ.એસ.એલ),રાંચી,તા.૨૮

દિલ્હીના શ્રદ્ધા વોકર મર્ડર કેસ જેવો જ એક કિસ્સો ઝારખંડમાં સામે આવ્યો છે. અહીં એક ૨૫ વર્ષના યુવકે તેની લિવ-ઈન ગર્લફ્રેન્ડનું ગળું દબાવીને હત્યા કરી હતી અને પછી તેના શરીરના ૪૦-૫૦ ટુકડા કરીને તેને જંગલમાં પ્રાણીઓના ખાવા માટે ફેંકી દીધા હતા. આરોપી બોયફ્રેન્ડ નરેશ ભેંગરાની પોલીસે ધરપકડ કરી લીધી છે. આ મામલો હત્યાના લગભગ ૧૫ દિવસ પછી પ્રકાશમાં આવ્યો જ્યારે ૨૪ નવેમ્બરના રોજ જરિયાગઢ પોલીસ સ્ટેશન વિસ્તારના જોરડાગ ગામ પાસે એક રખડતા કૂતરા પાસે છોકરીના શરીરના કેટલાક ભાગો મળી આવ્યા હતા. આ પછી જ્યારે પોલીસે આ અંગની તપાસ કરાવી તો તેઓ ચોંકી ગયા. કૂતરા પાસે મળી આવેલા શરીરના અંગો એક યુવતીના હતા.

## ઈન્ટરપોલની મદદથી લશ્કર-એ-તૈયબાના આતંકવાદીને ભારત લાવવામાં આવ્યો

નવીદિલ્હી,તા.૨૮

ભારતીય તપાસ એજન્સીઓને મોટી સફળતા મળી છે. વાસ્તવમાં, લશ્કર-એ-તૈયબાના મોટા મોસ્ટ વોન્ટેડ આતંકવાદી સલમાન રહેમાન ખાનને ઈન્ટરપોલ ચેનલો દ્વારા રવાન્ડાથી ભારત લાવવામાં આવ્યો છે. એનઆઈએની ટીમ સીબીઆઇ મારફત આતંકવાદીને ભારત લાવી હતી. તમને જણાવી દઈએ કે આતંકવાદી વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ જારી કરવામાં આવી હતી. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ ૨૦૨૩માં સલમાન વિરુદ્ધ ગુનાહિત ષડયંત્ર, આતંકવાદી સંગઠનનો સભ્ય હોવા અને આતંકવાદી



પ્રવૃત્તિઓમાં સંડોવણી માટે આર્મ્સ એક્ટ અને એક્સપ્લોઝિવ સબસ્ટન્સ એક્ટની કલમો હેઠળ કેસ નોંધ્યો હતો. લશ્કર-એ-તૈયબાનો સભ્ય હોવાને કારણે, તેણે બેંગલુરુ શહેરમાં આતંકવાદી પ્રવૃત્તિઓ કરવા માટે હથિયારો, દારૂગોળો અને વિસ્ફોટકો પૂરા પાડવામાં મદદ કરી હતી.

## યુક્રેન પર વિશ્વની સૌથી ઘાતક પરમાણુ મિસાઈલ શૈતાન-૨ ને તૈનાત કરવાનો પુતિને આદેશ આપ્યો

(એચ.એસ.એલ),મોસ્કો,તા.૨૮

રશિયાના રાષ્ટ્રપતિ પુતિને આખરે એ જ કર્યું જેની દુનિયાને આશંકા હતી. પ્રથમ વખત, રાષ્ટ્રપતિ પુતિને યુક્રેન પર વિશ્વની સૌથી ઘાતક પરમાણુ મિસાઈલ શેતાન-૨ ને તૈનાત કરવાનો આદેશ આપ્યો છે. જેના કારણે સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચી ગયો છે. પુતિનનો આ આદેશ એવા સમયે આવ્યો છે જ્યારે પશ્ચિમ યુક્રેનને પરમાણુ



હથિયારોથી સજ્જ કરવાની વાત કરી રહ્યું છે. શેતાન-૨ની તૈનાતીનો આદેશ આપતા પહેલા, રશિયન રાષ્ટ્રપતિના કાર્યાલય, ક્રેમલિને વિશ્વને ચેતવણી આપી હતી કે યુક્રેનને પરમાણુ હથિયારોથી સજ્જ કરવાનો 'પાગલ' વિચાર વિશ્વને 'આપત્તિના આરે' ધકેલી દેશે. રશિયાની શૈતાન-૨ મિસાઈલ વિશ્વની સૌથી ભયજનક પરમાણુ મિસાઈલ છે, જે એકસાથે ડઝનબંધ પરમાણુ હથિયારો લઈ જવા માટે સક્ષમ છે. આ ન્યુક્લિયર મિસાઈલનું વજન ૨૦૮.૧ ટન છે અને તે તેની સાથે અનેક હથિયારો લઈ જવા માટે સક્ષમ છે. એટલે કે તે ૧૦ ટન સુધીનો પેલોડ વહન કરી શકે છે. તેની સ્ટ્રાઈક રેન્જ ૩૫,૦૦૦ કિલોમીટર સુધીની છે. આના પરથી તમે અંદાજ લગાવી શકો છો કે આ મિસાઈલ કેટલી ખતરનાક છે.

## ગેલન્ટ સામે જારી કરાયેલ ધરપકડ વોરંટને નકારી કાઢતા ઈઝરાયેલ પીએમ નેતન્યાહૂ

(એચ.એસ.એલ),ગાઝા,તા.૨૮

ઈઝરાયેલે વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને પૂર્વ સંરક્ષણ મંત્રી યોવ ગાલાંટ સામે ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ દ્વારા જારી કરાયેલ ધરપકડ વોરંટને ફગાવી દીધું છે. પીએમ નેતન્યાહુએ તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ માહિતી પોસ્ટ કરી છે. નેતન્યાહુએ એકસ પર પોસ્ટ કરીને કહ્યું, 'ઈઝરાયેલ હેગમાં ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટની સત્તા અને વડાપ્રધાન અને પૂર્વ સંરક્ષણ મંત્રી વિરુદ્ધ જારી કરાયેલ ધરપકડ વોરંટની માન્યતાને નકારે છે. ફોલો-અપ પોસ્ટમાં નોંધવામાં આવ્યું છે કે વડાપ્રધાન બેન્જામિન



નેતન્યાહુએ જેરુસલેમમાં વડા પ્રધાનના કાર્યાલયમાં યુએસ સેનેટર લિન્ડસે ગ્રેહામ સાથે મુલાકાત કરી હતી, જેમણે તેમને આઈસીસી સામે યુએસ કોંગ્રેસમાં આગળ વધવાના પ્રયાસો વિશે માહિતી આપી હતી. તાજેતરમાં, હેગમાં ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટએ ઈઝરાયલના પીએમ નેતન્યાહુ અને ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન યોવ ગાલાન્ટ સામે ધરપકડ વોરંટ જારી કર્યું હતું, અને તેમની પર માનવતા વિરુદ્ધના ગુનાઓ અને યુદ્ધ અપરાધોનો આરોપ મૂક્યો હતો. આરોપોમાં ગાઝામાં નાગરિકોને નિશાન બનાવવા અને ભૂખમરાની નીતિઓ લાગુ કરવાનો સમાવેશ થાય છે. પીએમ નેતન્યાહુએ એક્સ પર એક પોસ્ટમાં લખ્યું છે કે ઈઝરાયલે આઈસીસીમાં અપીલ કરવાનો નિર્ણય કર્યો છે. તેમજ ધરપકડ વોરંટનો અમલ કરવામાં વિલંબની માંગણી કરી હતી.

## પાંચ વિધર્મી શખ્સોએ હુમલો કરતા હિન્દુ સંગઠનોમાં ભારે આક્રોશ

# સા. કુંડલા શહેર ભાજપ મહામંત્રી સહિત ત્રણ પર હિચકારો હુમલો







સાવરકુંડલા,તા.૨૮

સાવરકુંડલા શહેરમાં લોહાણા મહાજન વાડી પાસે પાર્કિંગનું કામ ચાલતું હતું, તેવા સમયે કોઈ વ્યક્તિઓ દ્વારા કેબિન મુકતા લોહાણા જ્ઞાતિના લોકો અટકાવવા પહોંચ્યા હતા, તેવા સમયે ૩ અગ્રણીઓ ઉપર અજાણ્યા વ્યક્તિઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, ઈજાગ્રસ્તમાં સાવરકુંડલા શહેર ભાજપ મહામંત્રી રાજુ નાગ્રેચા, વેપારી જગદીશ માધવાણી, તેજસ રાઠોડનો સમાવેશ થાય છે. હાલ ઈજાગ્રસ્ત લોકોને સાવરકુંડલા હોસ્પિટલમાં ખસેડતા ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. હિન્દુ સંગઠનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે ત્યારે ભાજપના ધારાસભ્ય સહિતના નેતાઓ પણ હોસ્પિટલ દોડી ગયા હતા. પોલીસનો કાફલો દોડી ગયો હતો. ઘટનાની ગંભીરતા દાખવી એ.એસ.પી. વલય વૈદ્ય, સ્થાનિક પી.આઈ. સહિત પોલીસ ટીમે હોસ્પિટલમાં પહોંચી તપાસ હાથ ધરી છે. હુમલાખોરો સામે ભારે નારાજગીનો માહોલ ઉભો થતાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે, તે માટે પોલીસે એલર્ટ થઈ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. બનાવ સ્થળની પોલીસે વિઝિટ લીધી છે અને ઈજાગ્રસ્ત લોકોના નિવેદનો લઈ પોલીસ ફરિયાદ લેવા માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

### પોલીસે ચાર આરોપીઓને ઝડપી પાડ્યા, એક આરોપી ફરાર

### સમાજના આગેવાનો પર વિધર્મીનો હુમલો

સાવરકુંડલા શહેર ભાજપ મહામંત્રી સહિત ત્રણ લોકો પર કેબીન મુકવા બાબતે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. હુમલો કરનાર પાંચ જેટલા વિધર્મી શખ્સો હોવાથી સમગ્ર શહેરમાં ચકચાર મચી જવા પામી છે. હુમલાથી હિન્દુ સંગઠનોમાં ભારે રોષ ફેલાયો છે અને આરોપીઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

### આ.રા.હિન્દુ પરિષદના આગેવાનોને અટકાવ્યા

સાવરકુંડલામાં વેપારીઓ પર થયેલા હુમલાના સમાચાર વાયુવેગે અમરેલી જિલ્લામાં પ્રસરી જતા અમરેલીથી આ.રા.હિન્દુ પરિષદના ડો.જી.જે.ગજેરા સહિતના આગેવાનો સાવરકુંડલા જવા નીકળ્યા હતા જો કે અમરેલીની બહાર નીકળતા જ પોલીસે આ આગેવાનોને સાવરકુંડલા જવા માટે રોક્યા હતા અને આવેદનપત્ર આપવા માટે માટે અમુક આગેવાનોને જ સાવરકુંડલા જવા માટે રવાના કરાયા હતા. જ્યાં તેમણે રોષભેર આવેદન પાઠવ્યું હતું.

### ઘટનાને લઈ પોલીસના ધાડેધાડા ઉતર્યા

સાવરકુંડલામાં કેબીન મુકવા બાબતે શહેર ભાજપ મહામંત્રી સહિત ત્રણ લોકો પર થયેલા હુમલાને લઈ હિન્દુ સંગઠનો લાલઘૂમ થયા હતા. લોકોનો આક્રોશ જોઈ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે અમરેલી જિલ્લામાંથી પોલીસના ધાડેધાડા સાવરકુંડલામાં ઉતારી દેવામાં આવ્યા હતા. જો કે કોઈ છમકલુ ન થતા પોલીસ તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો હતો.

### કડક પોલીસ અધિકારીની માંગ

અમરેલી જિલ્લામાં છેલ્લાં ઘણા સમયથી કાયદો-વ્યવસ્થા કથળ્યા હોય તેવો શહેરીજનો આક્ષેપ કરી રહ્યાં છે. જિલ્લમાં બેફામ દારૂ, મારામારી, હુમલાઓના બનાવો વધી રહ્યાં છે ત્યારે કડક પોલીસ અધિકારીની શહેરીજનો માંગ કરી રહ્યાં છે. અસામાજિક તત્વો છાકટા બનીને ફરી રહ્યાં છે ત્યારે આવા તત્વોને સીધા દોર કરવામાં આવે તેવું જિલ્લાના લોકો ઈચ્છી રહ્યાં છે.

### હુમલો કરનાર પાંચ આરોપીઓ પૈકી ચાર આરોપીઓ પકડાયા

સાવરકુંડલામાં શહેર ભાજપ મહામંત્રી રાજુ નાગ્રેચા સહિત ત્રણ લોકો સામે પાંચ વિધર્મીઓએ હુમલો કર્યાની ફરિયાદ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. હુમલાના સમાચાર સમગ્ર શહેરમાં ફરી વળતા વેપારીઓમાં ભારે રોષ ફેલાયો હતો અને આરોપીઓને તાત્કાલિક પકડવાની માંગ કરવામાં આવી હતી. આ અંગે એએસપી વલય વૈદ્યએ જણાવ્યું હતું કે, પાંચ આરોપીઓ પૈકી રહીમ ગોરી, ઈબ્રાહીમ, અનીસ અને શાહબુદીન નામના આરોપીઓ પકડાઈ ગયા છે જ્યારે એક અજાણ્યો આરોપી ફરાર હોય તેને ટૂંક સમયમાં પકડી પાડવામાં આવશે.

### ધારાસભ્ય મહેશ કસવાળા આકરા પાણીએ

શહેર ભાજપ મહામંત્રી સહિત ત્રણ લોકો પર હુમલો થતા ધારાસભ્ય મહેશભાઈ કસવાળા પણ હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા અને રોષ સાથે પોલીસને જણાવ્યું હતું કે આ ગુજરાત છે કેરળ નથી. ભાજપ કાર્યકર્તા કે સંઘના કાર્યકર્તા કે કોઈ નિર્દોષ વ્યક્તિ પરના હુમલા સ્વીકાર્ય નથી. આ બાબતે ઉચ્ચ પોલીસ અધિકારીઓને પણ રજૂઆત કરવામાં આવી છે.

### વેપારીઓએ ધંધા-રોજગારને બંધ રાખી વિરોધ વ્યકત કર્યો

સાવરકુંડલામાં કેબીન મુકવા બાબતે પાંચ વિધર્મી લોકોએ શહેર ભાજપ મહામંત્રી રાજુ નાગ્રેચા સહિત ત્રણ લોકો પર હિચકારો હુમલો કરતા શહેરના વેપારીઓ અને હિન્દુ સંગઠનોમાં ભારે રોષ ફેલાયો હતો. વેપારીઓએ આ ઘટનાનો ઉગ્ર વિરોધ કરી પોતાના ધંધા-રોજગાર બંધ રાખી આરોપીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી.

### હિન્દુ સંગઠનોની રેલીને રોકી દેવામાં આવી

સાવરકુંડલામાં વિધર્મી શખ્સોએ ત્રણ લોકો પર હુમલો કર્યો તેને હિન્દુ સંગઠનોએ વખોડી કાઢયો હતો. આ હુમલાના વિરોધમાં હિન્દુ સંગઠનો દ્વારા રેલી કાઢવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જો કે રેલીને નાવલી નદીમાં જ રોકી દેવામાં આવી હતી.

## આણંદ- તારાપુર હાઈવે પર ટ્રક અને લકઝરી વચ્ચે અકસ્માત : ત્રણ લોકોના મોત નિપજયા

(એચ.એસ.એલ),આણંદ,તા.૨૮

રાજ્યમાં અકસ્માતોની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે, ત્યારે આણંદ તારાપુર ધર્મજ હાઈવે પર એક ગોઝારો અકસ્માત થયો હતો. વડદલા ગામનાં પાટીયા પાસે ટ્રક અને લકઝરી બસ વચ્ચે થયેલા અકસ્માતમાં ત્રણ લોકોના કમકમાટીભર્યા મોત થયા, જ્યારે અકસ્માતમાં ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. આ



ઘટનામાં મળેલી પ્રાથમિક માહિતી અનુસાર રાજકોટથી સુરત જઈ રહેલા ૩ મુસાફરોના મોત થયા હતા. આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, આણંદના તારાપુર ધર્મજ હાઈવે પર ટ્રક અને લકઝરી બસ વચ્ચે ગમખ્વાર અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં ત્રણ લોકોના મોત નિપજ્યા હતા. વડદલા ગામનાં પાટીયા પાસે ટ્રક અને લકઝરી બસ જઈ રહ્યા હતા, જ્યાં ઓવરટેક કરવા જતાં ગોઝારો અકસ્માત સર્જાયો છે. જેમાં રાજકોટથી સુરત જઈ રહેલા રાજકોટના ત્રણ મુસાફરોના મોત નિપજ્યા હતા.

## છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં ૮,૬૮૪ કંપનીઓને નકલી જાહેર કરાઈ

અમદાવાદ,તા.૨૮

છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં ૮,૬૮૪ કંપનીઓને નકલી જાહેર કરવામાં આવી છે, જે રદ કરવામાં આવી છે. કાગળ પર કોઈપણ પ્રકારનો ધંધો ન કરતી નકલી કંપનીઓ સામે સરકારી તંત્ર દ્વારા સમયાંતરે કાર્યવાહી કરવામાં આવી રહી છે. બીજી તરફ એવા સવાલો પણ ઉઠી રહ્યા છે કે ગુજરાતમાં શેલ કંપની કોના ફાયદા માટે ફૂલીફાલી રહી છે, તેના માટે જવાબદાર કોણ, ગુજરાતમાં છેતરપિંડી વચ્ચે શેલ કંપનીઓ પણ પડી ભાંગી છે. ગુજરાતમાં ૨૦૧૯-૨૦માં ૧૭૪૦, ૨૦૨૦-૨૧માં ૨૫૨, ૨૦૨૧-૨૨માં ૩,૪૦૧, ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં ૨,૬૨૬ નકલી કંપનીઓ મળી. ૫ વર્ષમાં નકલી કંપનીઓ સામે પગલાં લેવાયા છે તેમાં મહારાષ્ટ્ર ૩૬,૮૫૬, દિલ્હી ૩૫,૬૩૭, ઉત્તર પ્રદેશ ૨૨,૬૪૪, કર્ણાટક ૯,૨૪૨, તમિલનાડુ ૧૬,૧૪૩, તેલંગાણા ૧૩,૭૬૪, હરિયાણા ૯,૦૪૭, રાજસ્થાન ૮,૯૯૮, ગુજરાત ૬૮૪, કેરળ ૯,૭૬૩, બિહાર, ૬,૮૮૭, આંધ્ર પ્રદેશ ૫,૦૯૧ છે. કુલ ૮,૬૮૪ કંપનીઓને શેલ કંપનીઓ જાહેર કરવામાં આવી છે અને પાંચ વર્ષમાં તેને રદ કરવામાં આવી છે. આજે ગુજરાતીઓ જીએસટીમાં કરોડોની ચોરી, નકલી નોટો વગેરે જેવા ગુનાઓનો શિકાર બની રહ્યા છે. યુનિયન કોર્પોરેટ મિનિસ્ટ્રી અનુસાર, કંપની રજિસ્ટ્રાર દ્વારા એવા કિસ્સામાં પગલાં લેવામાં આવે છે જ્યાં કંપનીઓ કોઈ ભૂલ કરે છે, જેમ કે એક વર્ષમાં કોઈ બિઝનેસ શરૂ ન કરવો, કોઈ ઓપરેશન ન કરવું. અને વિવિધ કેસોમાં કાર્યવાહી કરવામાં આવે છે જેમાં આવી કંપની બંધ કરવા માટે કોઈ અરજી કરવામાં આવી નથી. દેશમાં નકલી કંપનીઓના મામલે મહારાષ્ટ્ર, દિલ્હી અને ઉત્તર પ્રદેશ ટોચ પર છે, જ્યારે નકલી કે શેલ કંપનીઓની સંખ્યાના મામલે ગુજરાત દેશમાં નવમા સ્થાને છે. ગુજરાતના પડોશી રાજ્ય મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૩૬,૮૫૬ કંપનીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી.




## મહુવા પોલીસે સ્પર્મ વ્હેલ માછલીના એમ્બરગ્રીસના જથ્થા સાથે બે શખ્સને ઝડપ્યા

મહુવા,તા.૨૮

સ્પર્મ વ્હેલ માછલીની ઉલટીને એમ્બરગ્રીસ નામના પદાર્થ તરીકે ઓળખવામાં આવે છે. ભાવનગર જિલ્લામાં આ એમ્બરગ્રીસનો જથ્થો મળી આવ્યો હોવાની મહુવા પોલીસને જાણકારી મળતાં ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં પોલીસે એમ્બરગ્રીસ પદાર્થની સાથે બે શખ્સોની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



મળતી માહિતી મુજબ, મહુવા પોલીસને સ્પર્મ વ્હેલ માછલીની ઉલટી એમ્બરગ્રીસની તસ્કરીની બાતમી મળી હતી. ત્યારબાદ મહુવા પોલીસે ઓપરેશન હાથ ધર્યું હતું, જેમાં પોલીસે ૧૨ કિલોગ્રામ જેટલાં એમ્બરગ્રીસના જથ્થા સાથે જયદીપ શિયાળ અને રામજી શિયાળ નામના બંને વ્યક્તિને ઝડપી પાડીને ધરપકડ કરી હતી. માર્કેટમાં આ જથ્થાની કિંમત આશરે ૧૫ કરોડ જેટલી છે.











